# સહજ-સત્સંગ

Year : 2 Issue : 21 Dt. 1-10-2014 Page - 54 માસિક



## ગૃહસ્થાશ્રમ



## મા મીરાંબિકા

My soul is in prayer and bows down in love
before what it can understand and know of thee.
- The Mother

## પ્રભુ પોતે જ પ્રભુજ્ઞાન લાવે છે.

મારો આત્મા, પ્રભુ, તવ પ્રાર્થનામાં લીન થતો,
પ્રેમથી નમી પડી, તારા ઉપરી ઓળઘોળ થતો
ન જાણતો તમારું સત્ય ને, ન જાણતો સ્વરૂપ શું ?
પણ અંતે જાણતો થશે, એ શ્રદ્ધાથી તે ટકી રહેતો.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# પ્રભુની અખૂટ ધીરજ

(તા.૧૬ અને ૧૭.૧૧.૧૯૧૪ - પૃ.૨૦૦-૨૦૧)



અમે પૂર્વ તૈયારી વિના સફરમાં બેપરવાહીથી ઝુકાવી દઈએ તેને માટે તું તૈયાર નથી. તારા સેવકે હરેક પરિસ્થિતિને માટે તૈયાર રહેવું જોઈએ.

પણ જ્યારે જ્યારે તારી ચેતનાનો સંકલ્પ ભૂલોને સુધારી લેવા માટે પોતાનો આવિર્ભાવ કરે છે..... આડે માર્ગે ચડી ગએલી વ્યક્તિને..... ચોખ્ખો રસ્તો દોરી આપવા, તેને ઠોકર ખાધા વગર ચાલવાનું બળ  આપવાનો પ્રયત્ન કરે છે, ત્યારે એ નક્કી ખોટી માન્યતા ધરાવી તને તરછોડે છે. એનું મગરૂરીભર્યું મન તારી ઉપર વિશ્વાસ રાખતું નથી. તારા માર્ગદર્શન પ્રમાણે આગળ વધતું નથી અને એકલું રઝળવાનું વધુ પસંદ કરે છે. (૧૬-૧૧-૧૪)

તું સ્મિતપૂર્વક ઉત્તર આપે છે, ''આ બુદ્ધિરૂપી કરણ જે મિથ્યાભિમાની બનાવે છે, ભૂલો કરાવે છે, તે જ જો એક વાર પ્રકાશમય અને શુદ્ધ બને તો વૈશ્વિક પ્રકૃતિ (નિસર્ગ) કરતાં પણ વધું ઊંચે આપણા સહુના પ્રભુ સાથે સભાન સંપર્ક સ્થાપી આપે.''

હે દિવ્યમા, તારા આ શબ્દો આશ્વાસન અને આશિષ આપે છે..... પેલા અનંત જ્ઞાનને ઢાંકી રાખનાર પડદાના સળને ખુલ્લો કરી દે છે. (૧૭-૧૧-૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (પ્રભુની અખૂટ ધીરજ) | ૩ | (હમેશાં ભગવાનની શક્તિ જોડે સંપર્કમાં રહો) | ૩૧ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો વૈદિકે વા** (દેવોના સ્વરૂપો) | ૩૪ |
| **દિવ્યજીવન** (બ્રહ્મ અને જગત) | ૮ | **વેદવિજ્ઞાન** (બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ, પ્રજાપતિ) | ૩૬ |
| **માતૃવાણી** | | **ધ મધર્સ એજન્ડા** | |
| (ભાગવત દૃષ્ટિથી જગત વિષેની સમજણ) | ૧૧ | (ઇન્દ્રિયોના કાર્યમાં ફેરફાર) | ૩૯ |
| **સાવિત્રી** (ચૈત્યપુરુષોનું સત્ય) | ૧૩ | **યોગનાં મૂળતત્ત્વો** (મુશ્કેલીઓ અને પ્રગતિ) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (વિશ્વચેતનાનું સ્વરૂપ) | ૧૭ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| **ઉપનિષદો** (દૈવીશક્તિનું શરીરમાં કાર્ય) | ૨૨ | (અવર્ણનીય પ્રભુ (૭૭-૭૮)) | ૪૪ |
| **વેદ-રહસ્ય** (વરુણ, મિત્ર, ભગ, અર્યમા) | ૨૫ | **જાતક કથાઓ** (''કરુણા'') | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | | **''બ્રહ્મ''** | ૪૯ |
| (ચેતન-વિકાસની આંતરિક - પ્રક્રિયા) | ૨૮ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૧ વર્ષ : ૨

ઓક્ટોબર - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પ્રભુની અખૂટ ધીરજ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ પોતાના કોઈ સેવકને અધૂરી તૈયારી સાથે તેમના કાર્યમાં ઝંપલાવવા દેતા નથી. તેવો પ્રસંગ આવે તો તેને પ્રસંગોપાત સૂચનો આપી મદદ કરે છે.

પણ આ માનવ..... જ્યારે જ્યારે પ્રભુ તેની ભૂલો સુધારી લેવા મદદનો હાથ ફેલાવે છે, ત્યારે ત્યારે આ અહંકારી માનવ તેને પાછો ઠેલે છે પ્રભુ તેને ઠોકર ખાધા વગર ચાલવા શીખવવા માગે છે અને તે..... અજ્ઞાનવશ પ્રભુની મદદને ઠોકરે ચડાવે છે, કારણ તેના મગજમાં અજ્ઞાન અને ગેરસમજ ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે. તે જક્કી બની જાય છે. તેનું અહંકારી મન પોતાને સાચું માની પ્રભુના માર્ગદર્શનને ગણકારતું નથી. તેને પોતાની બુદ્ધિ ઉપર મુસ્તાક થઈ જાણે રઝળવું વધારે પસંદ છે.

ત્યારે તું તો એક કરુણાભર્યું સ્મિત કરે છે અને કહે છે કે, ''આ તેની બુદ્ધિ અજ્ઞાનવશ આજે તેને રઝળાવે છે, પણ તે જ જ્યારે પ્રતિભા, મેઘા અને અંતે પ્રજ્ઞા તરીકે વિકાસ પામી પ્રકાશમય બની જશે ત્યારે સાચા માર્ગની દિવાદાંડી બની જવાની છે.''

જગન્માતા, તારા આ વચનો અમને બોધક તો છે જ, પણ આશ્વાસક પણ છે બુદ્ધિને પ્રજ્ઞામાં પલટવી શક્ય છે એ તું અમને શીખવે છે આને કારણે અનંતજ્ઞાનને ઢાંકી રાખનાર અજ્ઞાનનો જાણે એક સળ સીધો થઈ જાય છે. સમજણમાં થોડો વધારો થાય છે. પ્રભુ તારી ધીરજની કમાલ છે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

વહાણ મધદરિયે અટવાયું હોય, સમુદ્રમાં તોફાન ઉમટ્યું હોય, ડુંગર જેવડાં મોજાંઓ ઉછળી રહ્યાં હોય, ક્યાંય રસ્તો દેખાતો ન હોય, વહાણના કપ્તાને ભયસૂચક સિગ્નલ આપી દીધું હોય, ત્યારે વહાણના બધા મુસાફરો એક બની તીવ્રભાવે જગતનિયંતાને પોકાર કરે છે કે ''હે પ્રભુ અમને બચાવો' આ જે પોકાર છે, એ જ તો છે પ્રાર્થના.

યુવાન પુત્ર જીવલેણ માંદગીમાં સપડાયો છે, ડોકટરોએ હાથ ધોઈ નાંખ્યા છે, માતાપિતાની અનેક કાકલૂદી હાવા છતાં ડોકટરોએ કહી દીધું છે, ''આમાંથી બચવાની શક્યતા સાવ નહિવત્ છે.'' એ સમયે માતાપિતા અંતરમાંથી જે પોકાર કરે છે, અને પ્રભુને આજીજી કરે છે કે ''હે ભગવાન મારા પુત્રને બચાવો'' આ આજીજી એ જ તો છે પ્રાર્થના.

આ તો તીવ્ર કટોકટીના સમયમાં ભગવાનને કરેલા પોકારની વાત થઈ. જીવનમાં જ્યારે જ્યારે ભારે વિપત્તિ આવી પડે, ત્યારે મનુષ્યો સહજપણે જ ભગવાનને સહાય માટે યાચના કરવા લાગે છે, અને આ યાચના એ પણ પ્રાર્થના જ છે. પરંતુ વિષમ પરિસ્થિતિ ન હોય ત્યારે પણ મનુષ્ય ભગવાનની આગળ કંઈ ને કંઈ નિવેદન કરતો જ રહે છે, તો ભગવાન સમક્ષ કરાયેલું આ નિવેદન પણ પ્રાર્થના જ છે. પરંતુ કટોકટીના સમયમાં કરાયેલા નિવેદનમાં ભારે વ્યાકુળતા હોય છે, અંતરમાંથી ઊઠતું આક્રંદ હોય છે, પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટેની છટપટ હોય છે, એથી જ વિપત્તિ વેળાએ કરેલી પ્રાર્થના એ સહજ હોય છે, તીવ્ર હોય છે, સીધી લક્ષ્યગામી હોય છે. એવી પ્રાર્થનાની પોતાની જ એક શક્તિ હોય છે. જ્યારે ૨૦૦૧માં કચ્છમાં ધરતીકંપ આવ્યો ત્યારે ગાંધીધામમાં એક માતા અને પુત્રી કાટમાળ હેઠળ દબાઈ ગયાં. ઉપર નીચે આજુબાજુ બધેય પથ્થરો જ હતા, પણ બંનેને સદભાગ્યે કોઈ ઈજા થઈ

નહોતી. પરંતુ એવી દારુણ હાલત હતી કે આમથી તેમ હલી પણ શકાય તેમ ન હોય ત્યાં તેમની ચીસો સાંભળવાવાળું પણ કોઈ નહોતું ! કોણ કોનું સાંભળે ? આ સ્થિતિમાં માતાએ પુત્રીને કહ્યું ''બેટા, માણસ તો કોઈ નહીં સાંભળે, ચાલ આપણે ભગવાનને પ્રાર્થના કરીએ. આમે ય રડતાં રડતાં અને ચીસો પાડતાં મરવું એના કરતાં ભગવાનનું નામ લેતાં લેતાં મરશું, તો આવતો ભવ સારો મળશે.'' પછી માતાપુત્રી એકાગ્રતાપૂર્વક ભગવાનને તીવ્રભાવે પ્રાર્થના કરવાં લાગ્યાં. એક, બે, ત્રણ, ચાર કલાક વીતી ગયાં. પ્રાર્થના કરતાં કરતાં મન શાંત થઈ ગયું, ભય જતો રહ્યો. હવે પ્રભુ ઈચ્છા એમ સ્વીકારીને ભગવદ્ સ્મરણ કરતાં રહ્યાં અને ખરેખર ભગવાને એમની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો ! નવ કલાકે સહાય મળી અને એ કાટમાળમાંથી માતાપુત્રીને લશ્કરના જવાનોએ સુરક્ષિત રીતે બહાર કાઢ્યાં ! ભગવાન સાચા દિલની પ્રાર્થના અચૂક સાંભળે છે, એની પ્રતીતિ એમને સંપૂર્ણપણે થતાં ભગવાનમાં એમની શ્રદ્ધા અતૂટ બની.

આમ પ્રાર્થના તો છે, અંતરનો પોકાર. દરેક મનુષ્યના જીવન સાથે આ પોકાર જડાએલો જ છે. જ્યારે બાળક જન્મે છે, ત્યારથી જ તેનામાં આ પોકા રહેલો હોય છે. પરંતુ ત્યારે રૂદન રૂપે એ વ્યક્ત કરે છે. એ પોતાની માતાને રૂદન દ્વારા બોલાવે છે. જ્યારે જ્યારે બાળક અસલામતી અનુભવે છે, ત્યારે ત્યારે એ પોતાની માતાને એની રૂદનની ભાષામાં પોકારે છે. એ જ રીતે મનુષ્યનું છે. જ્યારે જ્યારે તે અસલામતી, ભય, વિપત્તિ અનુભવે છે, ત્યારે ત્યારે તે સહાય માટે, રક્ષણ માટે, કોઈ સમર્થ વ્યક્તિ, પોતાનું શ્રદ્ધાપાત્ર કોઈ ગુરુ, તો વળી કોઈ પોતાના ઈષ્ટદેવ કે કોઈ પરમ શક્તિ પાસે રક્ષણ, સહાય માગે છે. આ રીતે દરેક મનુષ્ય પોતાના જીવનમાં એક યા બીજા પ્રકારે પ્રાર્થના કરતો જ હોય છે. ભલે પછી એ મનુષ્ય ભગવાનમાં ન માનતો હોય, તો પણ એના જીવનમાંય પ્રાર્થના, પછી એ કોઈ વ્યક્તિને કે પોતાની જાતને પણ થતી રહેતી હોય છે. પરંતુ ભગવાનને જે નિવેદન થાય છે, એમાં એ પરમ શક્તિ સાથેનો સેતુ બંધાય છે. એની સાથેનું અનુસંધાન થાય છે. એટલે એ પ્રાર્થના શાંતિ, શક્તિ, હૂંફ, હળવાશ, આનંદ લાવે છે અને એ જ તો પ્રાર્થનાનો, ભગવાને આપેલા તત્કાળ પ્રત્યુત્તરનું પરિણામ છે. એટલે જ પ્રાર્થના પરમાત્માની સમક્ષ કરવી જોઈએ.

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## બ્રહ્મ અને જગત

પ્રકરણ - ૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ક્રમશઃ)

પણ આ સિદ્ધાંત ફક્ત સાકાર તત્ત્વો માટે જ લાગુ પડે છે. સાકાર તત્ત્વને જ ગતિ હોય છે. નિરાકાર તત્ત્વમાં ગતિ જ સંભવતી નથી. ગતિ એટલે જ્યાં છે ત્યાંથી જ્યાં નથી ત્યાં જવું અથવા સ્થાનાંતર કરવું. પણ સાકાર વસ્તુનું જ સ્થાન નક્કી કરી શકાય છે. નિરાકાર તત્ત્વ તો સર્વવ્યાપી બની જાય છે. તે બધે જ હોય છે તેથી તેને સ્થાનાંતર કરવું જ શક્ય નથી. એવી કોઈ ખાલી જગ્યા જ નથી. તેથી આ બાબતનો સાચો ખ્યાલ એ જ છે કે એક અવિચલ અચલ તત્ત્વ ઉપર તે જ તત્ત્વનો સક્રિય અંશ ગતિ કરતો હોય છે. જેમ શાંત સ્થિર સરોવર ઉપર ધુમ્મસ ગતિ કરતું હોય તેમ સરોવરનું પાણી પણ પાણી છે અને ધુમ્મસ પણ પાણી છે. બંનેમાં ભેદ નથી તેમજ 'સત્' તત્ત્વ નિરાકાર છે. તેમાંથી જ તેનાં જ સાકાર સ્વરૂપો નિર્માણ થાય છે અને તેની ઉપર જ તેઓ પોતાની ગતિ ધારણ કરતાં હોય છે જે ગતિ કરે છે તે શક્તિ છે જે સ્થિર છે, આધાર સ્વરૂપ છે તે 'તત્ત્વ' છે. વેદાંતીઓ તત્ત્વને બ્રહ્મતત્ત્વ કહે છે અને શક્તિને 'માયા' કહે છે. આ રીતે બ્રહ્મ અને માયા એ અકરૂપ પણ છે અને જુદા પણ છે, અર્થાત તેમનું વર્ણન કરવું શક્ય નથી. તે અનિવર્ચનીય છે અવ્યાખ્યેય છે. તેની વ્યાખ્યા કરવી શક્ય નથી.

બ્રહ્મતત્ત્વ, રૂપ, ગુણ, પરિમાણથી મુક્ત છે. શુદ્ધ સત્ સ્વરૂપ, અસ્તિત્વ સ્વરૂપ છે. તેમાંથી જે રૂપો, ગુણો પરિમાણો અર્થાત આકારો નિર્માણ થાય છે. આ બધાં બ્રહ્મતત્ત્વમાં નિર્માણ થએલી ગતિના પરિણામો છે અને વેદાંત એમ કહે છે કે બ્રહ્મતત્વમાં પોતાનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ જાગે છે. તેથી ગતિ નિર્માણ થાય છે. 'એકો અહં બહુસ્યામ્' હું એક છું. અનંત રૂપે પ્રકટ થવા માંગું છું. આ જ તે

આદિ સંકલ્પ છે. જ્યારે આ રૂપો, ગુણો અને પરિમાણો વિલીન થાય છે. ત્યારે ફરી તે પેલા 'સત્' અને 'તત્' તત્ત્વમાં એકરૂપ થઈ જતાં હોય છે. આ તેમનું વિલીન થવું તેમની ઈચ્છા મુજબ નથી હોતું. પણ વૈશ્વિક પ્રક્રિયાને કારણે થતું હોય છે.

પણ આપણે સચેતન પ્રાણી હોવાથી આપણે સ્વેચ્છાથી તે 'તત્'માં વિલીન થઈ શકીએ છીએ અને તે વિલીન થવાની પ્રક્રિયા એટલે આપણે જેમ જેમ પેલા નિરાકાર તત્ સાથે વધારે ને વધારે ગાઢ તાદાત્મ્ય અનુભવશું તેમ તેમ આપણે તેની સાથે એકરૂપ થઈ જશું. 'બ્રહ્મવિત્ બ્રહ્મૈવ ભવતિ' આ વેદ વાક્યનૂ અર્થ આ છે તત્-ત્વમ્ અસિ, અહં બ્રહ્માસ્મિ, સર્વં ખલુ ઇદં બ્રહ્મ અને તત્ ત્વમ્ અસિ આ બધા મહાવાક્યો આ જ વાસ્તવિકતા દર્શાવે છે.

આપણે બધાં જ તે 'તત્'માં, તે 'સત્'માં જીવીએ છીએ. તેમ છતાં તે તો તદ્દન નિર્લેપ હોય છે. જેમ પક્ષી આકાશમાંથી ઉડતું જાય પણ આકાશ તો નિર્લેપ જ રહે છે, તેવી જ સ્થિતિ બ્રહ્મતત્ત્વની છે.

આ બ્રહ્મતત્ત્વ સનાતન છે. તે કાયમી સ્વરૂપનું છે. નિત્ય છે. આવી નિત્યતા બે પ્રકારની હોય છે. એકને કહે છે પ્રવાહ નિત્ય- બીજાને કહે છે નિત્ય નિત્ય. ગંગાનું પાણી ક્ષણે ક્ષણે બદલાતું હોય છે, છતાં આપણી કહીએ છીએ આ એ જ ગંગા છે જેને ભગિરથે ધરતી ઉપર ઉતારી. આ છે પ્રવાહનિત્ય. વસ્તુની આવી પ્રવાહ નિત્યતા કાળમાં સંભવે છે. જે વસ્તુ ભૂતકાળમાં પણ બદલાતી હોય છે. વર્તમાનકાળમાં પણ બદલાઈ રહી છે અને ભવિષ્યમાં પણ બદલાતી રહેવાની છે, તેને કહેવાય પ્રવાહનિત્ય. પ્રવાહનિત્યતા ત્રણે કાળમાં થનારી કાયમી ઘટના હોય છે, જ્યારે નિત્ય - નિત્ય એ વસ્તુ છે જેમાં કોઈ તફાવત પડતો નથી. એથી એ કાલાતીત ઘટના હોય છે. બ્રહ્મતત્ત્વ નિત્ય - નિત્ય હોય છે અને તેનો શક્તિ પ્રવાહ નિત્ય હોય છે. બંનેનો કોઈ અંત દેખાતો નથી. પણ બંનેની સનાતનતા અથવા નિત્યતા એક સરખી નથી. માયામાં સતત પરિવર્તન થતું હોય છે. તેમાંની આવિર્ભવનની પ્રક્રિયા સતત ચાલતી હોય છે. આપણું મન જે સતત આવું પરિવર્તન પામતું હોય છે તે આપણી માયા છે. તેથી તેમાં થતાં પરિવર્તનો આપણે મનથી જાણી શકીએ છીએ. પણ આ બધા મનનાં પરિવર્તનો પાછળ એક સનાતન

સ્થિર અર્થાત સ્થાણુ એવું અવિચલ તત્ત્વ આવી રહેલું છે. તેને પણ આપણે આંતર પ્રજ્ઞાથી જાણી શકીએ છીએ. એ તત્ત્વ આપણી શુદ્ધ ચેતના સ્વરૂપ છે. તેમાં રૂપ ગુણો કે પરિમાણોનો આવિર્ભાવ કે વિલીનીકરણ નથી હોતાં. ત્યાં એક અવિચલ સ્થિરતા હોય છે. આપણે તે અવિચલ - સ્થિરતા સ્વરૂપ બની શકીએ છીએ. તેમાં રહી શકીએ છીએ. તાદાત્મ્યભાવે તેમાં સ્થિર બની શકીએ છીએ અને ત્યાં રહીને આપણા વિચારો, ભાવનાઓ અને કર્મમાં આમૂલ રૂપાંતર પણ લાવી શકીએ છીએ. તે સ્થિર તત્વને તત્' કહે છે.

આ રીતે કેવલ સત્ એ આ જગતની મૂલભૂત વાસ્તવિકતા છે આપણે તેને આપણી આંતરપ્રજ્ઞા દ્વારા અનુભવી શકીએ છીએ. તે આવી શુદ્ધ બુદ્ધિથી જાણી શકાય છે. 'બુદ્ધિગ્રાહ્યમ્' છે એમ ગીતા જણાવે છે.

આ રીતે આપણી પાસે બે સત્યો છે એક આ કેવલ સત્ અને બીજું આ ભૌતિક જગતરૂપી સત્. પહેલું સત્ છે. જે નિર્માણ થયેલ નથી પણ સનાતન છે તેને ઈશોપનિષદ ભૂતિ કહે છે જે છે એવું કેવલસત્ અને બીજું સત્ છે તે આ 'અસંભૂતિ'માંથી નિર્માણ થયેલું છે તે છે 'સંભૂતિ' આવી રીતે આપણા જીવનમાં બે સત્નો અનુભવ થાય છે. 'અસંભૂતિ' અને 'સંભૂતિ'નો.

આ બંને એક જ તત્ત્વનાં બે પાસા છે. એક સ્થિર છે બીજું ગતિમાન છે. સ્થિરતા અને ગતિ એ તો આપણા મને બાંધેલ ખ્યાલો છે. પોતાની સમજણ માટે નિર્માણ કરેલાં ખ્યાલો છે. વાસ્તવિકતા એ છે કે બ્રહ્મતત્ત્વના વમળો એટલે જ આ વિશ્વમાંની બધી વસ્તુઓ અને વ્યક્તિઓ છે આ વમળનું નર્તન એ બ્રહ્મતત્ત્વ પોતાના આનંદને વ્યક્ત કરવા કરી રહ્યું છે આનંદ એ જ આ ગતિનો હેતુ છે અને તે જ આ વિશ્વશક્તિનો પણ હેતુ છે.

આ બેવડા સત્યને બ્રહ્મ અને વિશ્વને, ભૂતિ અને સંભૂતિને આપણે સ્વીકારવાની છે. બંને પાસા કેવલ સત્નાં જ છે. આ બંને પાસાઓને ધ્યાનમાં લઈને આપણે દિવ્ય જીવનનો ઘાટ ઘડવાનો છે. દિવ્ય જીવનરૂપી નદીનાં આ બે સામા કાંઠા છે જેને જીવનસરિતા સ્પર્શતી જાય છે અને દિવ્યાનંદમાં પલાળતી જાય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૧

(માતૃવાણી - ૨, પૃ.૨૮૬-૩૦૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **પૃથ્વી :** આ પૃથ્વી પર અજ્ઞાન અને અસત્યનું રાજ્ય છે, પરંતુ હવે સત્યના આવિર્ભાવનો સમય પાકી ગયો છે. સૂક્ષ્મજગતો જે ઊર્ધ્વમાં છે તે બધાં જ બીજસ્વરૂપે પૃથ્વીએ ધારણ કરી રાખેલાં છે. તેથી પૃથ્વીને ધરા, ધરતી, ધરણી કહે છે. તે સૂક્ષ્મજગતો જ પાર્થિવરૂપો ધારણ કરીને નવી પ્રાણી-જાતિ તરીકે પ્રગટ થાય છે. આ સિદ્ધાંતને વેદોમાં 'વ્યાહૃતિવાદ' કહે છે. વ્યાહૃતિ એટલે 'ખાસ હેતુસર ખેંચી લાવેલી વસ્તુ'. પૃ.૨૮૬

૨ **ભગવાન અને આપણે :** ભગવાન બધાનો શાશ્વત-સ્રોત છે. ઉપરાંત પૂર્ણતાનું ચરમબિંદુ પણ છે. પ્રભુને જીવી શકાય છે, તેની વ્યાખ્યા નથી અપાતી. આપણે ભગવાન જ બનવાનું છે. આપણે ભગવાનને સમર્પિત છીએ. ભગવાન માટે જીવીએ છીએ. ભગવાનને ઝીલવાની ક્ષમતાઓ આપણામાં પૂરતી વિકસેલી નથી. તે પ્રભુ સર્વત્ર છે. તે નિરંતર વિજયી હોય છે. ભાગવત્-સંકલ્પ એક શંકાથી પર વાસ્તવિકતા છે. પ્રભુનો આનંદ સનાતન છે. આ સનાતન આનંદના બળને પ્રભુ ઉત્ક્રાંતિનું ચાલકબળ બનાવી વ્યક્તિ-ચેતનામાં ઉતારે છે. તે શક્તિ પછી શાંતિ-નિશ્ચિતતા, સમતાસ્વરૂપે આપણામાં સ્થિર થાય છે. જ્યારે જ્યારે દિવ્ય-ઉચ્છ્‌વાસ દ્વારા ભક્તને સ્પર્શ થાય છે ત્યારે ત્યારે પૃથ્વી ઉપરની ઉત્ક્રાંતિમાં

કોઈક બળ દાખલ થઇ બધાં સાથે જોડાઈ જાય છે. હરક્ષણે પ્રભુની જ પસંદગી હોય એવું આપણે ઇચ્છીએ છીએ.

ભગવાનની અંદર બધું જ રૂપાંતર પામે છે. ભગવાન પોતે અને ભગવાનનાં રહસ્યો તેની સામે પ્રગટ થાય છે. પ્રભુ શાંતિ અને આનંદપૂર્ણ છે. તેમની ચેતના બધું ધારણ કરવા સમર્થ બને છે, તેથી જ સમગ્રતા અને પૂર્ણતા ધારણ કરે છે. પ્રભુ હારને જીતમાં પલટે છે. પ્રભુ જ્ઞાન અને પ્રેમ દ્વારા આપણા બધાનું નિયમન કરે છે. પ્રભુની વાણી આપણને ધીરજ, હૂંફ, પ્રકાશ આપે છે. તેઓ સદા આશિષ આપતા હોય છે. તેઓ જ આપણને અજ્ઞાનમાંથી મુક્તિ અપાવે છે. દિવ્યપ્રેમ વ્યક્તિ દ્વારા પ્રગટ થાય છે ત્યારે તે વધુ સમજાય છે. તે નિરપેક્ષ હોય છે. તે પ્રેમ જ ઉદારતા અને શાંતિ આપે છે. દિવ્યપ્રેમ સામે માનવપ્રેમ ફિક્કો લાગે છે. તે પ્રેમ સર્વત્ર વસેલો છે. દિવ્યપ્રેમમાં જ બધાંને આધાર અને આશ્વાસન મળે છે. પ્રેમ બધાંને એકત્ર રાખનાર તત્ત્વ છે. આપણો જન્મ ભગવાનની સેવા કરવાનો છે. દિવ્યપ્રેમને જેને સ્વીકારે છે ત્યાં તે જાય છે.

પ્રભુની હાજરી આપણામાંનું પરમ તથ્ય છે. જો કાર્ય કરતી વખતે દિવ્ય-હાજરી પ્રત્યે સભાનતા ન કેળવી શકો તો એનો અર્થ તમે દિવ્યહાજરી પ્રત્યે પૂર્ણ સભાન નથી. તે સર્વત્ર હાજર છે, તેથી દરેક વસ્તુનો દિવ્યકાર્યમાં ઉપયોગ થઈ શકે છે. પ્રભુનો અવાજ હૃદયમાં સંભળાય છે, તે સૌમ્ય, શાંત, નિરાગ્રહી હોય છે.

પ્રભુની ઇચ્છા છે કે આપણે તેની એક નહેર બની રહીએ, જેની દ્વારા તે શક્તિ, પ્રેરણા, જ્ઞાન જગતમાં ઠલવી શકે. તે માટે આપણે આપણા સંકલ્પને પ્રભુના સંકલ્પમાં વિલીન કરી નાખવો પડશે. જેટલી ગ્રહણશીલતા વધુ તેટલો પ્રભુનો આવિર્ભાવ પણ વધુ. તમારું પૂર્ણમિલન પૂર્ણઆવિર્ભાવ કરાવશે. પ્રકૃતિ ભગવાનની યોજના જ અમલમાં મૂકે છે. તે માટે ઉપરની વસ્તુઓ જરૂરી છે. ભગવાનને તમે દૂર માનશો તો તે દૂર

(અનુ.પૃષ્ઠ ૪૭ ઉપર)

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# ચૈત્યપુરુષોનું સત્ય

પ્રકરણ-૧૪૦

(Savitri B-1, C-4, P-66-67)

All she can do is marvelous in his sight:
He revels in her, a swimmer in her sea,
A tireless amateur of her world-delight.
He rejoices in her every thought and act
And gives consent to all that she can wish;
Whatever she desires he wills to be:
The Spirit, the innumerable One
He has left behind his lone eternity,
He is an endless birth in endless Time,
Her finite's multitude in an infinite space.

હવે તો તે જીવને જગન્માતાની દરેક વસ્તુ સુંદર, અદ્‌ભુત અને આનંદદાયક લાગવા માંડે છે. તે જાણે જગન્માતાના ખોળામાં રમતું (revels) નિસ્વાર્થ બાળક બની જાય છે. કોઈ સાગરખેડુનો પુત્ર નિર્ભય રીતે તોફાની સમુદ્રમાં આનંદથી ક્રિયા કરતો હોય તેવો નિર્ણય થઈને તે સંસાર - સાગરમાં પોતાનું જીવન વીતાવતો હોય છે. વૈશ્વિક આનંદનો તેને કવચિત સાક્ષાત્કાર થાય છે. તેને કાયમી સ્વરૂપે ધારણ કરવામાં તે હજુ શિખાઉ (amateur) પુરવાર થાય છે. પણ તે ફરી

ફરી મેળવવા તે હતાશ થયા વગર અથાગ પ્રયત્ન કરતો જ હોય છે. જગન્માતા તેને જ વિવિધ આંતર-પ્રેરણાઓ આપે છે (thought) અને કાર્ય કરાવે છે (act) તે સમજવામાં અને પાર પાડવામાં તેને ઉત્સાહ અને આનંદ ઉભરાતો હોય છે. જગન્માતાના દરેક આયોજનને તે હવે સાચા અને સંપૂર્ણ દિલથી સંમતિ આપે છે (consent) તેની પોતાની હવે કોઇ સ્વતંત્ર ઇચ્છા રહી હોતી નથી. જગન્માતાની ઇચ્છામાં જ તેની ઇચ્છા ભળી ગએલી હોય છે. જગન્માતા તેને પ્રથમ તે એક જીવ છે, એક ચેતનાનું આવિર્ભાવ કેન્દ્ર છે તેનું ભાન કરાવવા ઇચ્છે છે (A Spirit) તે પછી આગળ જઇને એ ભાન કરાવવા માગે છે કે તે એક-એક અલગ જીવાત્મા નથી પણ એક સર્વવ્યાપી વિશ્વાત્મા છે, જે અનંત જીવાત્મા દ્વારા પ્રગટ થઇ રહ્યો છે (the innumerable One) હવે પ્રથમ તેને પોતાને જે એક સ્વતંત્ર સનાતન જીવ તરીકેનું ભાન હતું, તેને તે વટાવી ચૂકેલો હોય છે (left behind his lone eternity) તેણે પોતે જ વિશ્વાત્મા તરીકે અનંત જન્મો લઇ અનંતકાળ સુધીની આ આવિર્ભાવ પ્રક્રિયા શરૂ કરી છે અને તેમાં પોતે જ પોતાના અસ્તિત્વનો આનંદ લૂટી રહ્યો છે એવો ભાવ જન્મે છે. દરેક આવિર્ભાવ સીમિત (finite) છે અને આવા અનંત આવિર્ભાવોની અનંત પ્રક્રિયા ચાલુ છે અને તે તેના વિશ્વવ્યાપી અસીમ અસ્તિત્વના ક્ષેત્રમાં ચાલી રહી છે એનો તેને અનુભવ આવવા માંડે છે.

The master of existence lurks in us
And plays at hide-and-seek with his own Force;
In Nature's instrument loiters secret God.
The Immanent lives in man as in his house;
He has made the universe his pastime's field,
A vast gymnasium of his works of might.

આપણા બધાનાં અસ્તિત્વનું પણ જે મૂળ અસ્તિત્વ છે, 'સત્' છે તે

સત્સ્વરૂપ પરમાત્મા આપણી દરેક દ્વારા અધૂરો પ્રગટ થઇ રહ્યો છે (lurks) આ અધૂરપ બે પ્રકારની છે. એક, તે પ્રગટીકરણ અસ્થાયી છે એ એક નબળાઇ છે. બીજું એ આવિર્ભાવ પોતે પણ અધૂરો છે, એ બીજી નબળાઇ છે. આવી રીતે આપણા બધાં દ્વારા પ્રભુ પ્રગટ જરૂર થાય છે પણ આપણી ચેતનાના વિકાસ મુજબ જ. બીજું, આ આવિર્ભાવ આપણે આપણી ક્ષમતા અને પ્રયત્નોથી મેળવ્યો છે એમ રખે માનતા. પ્રભુકૃપાથી જ તે શક્ય બન્યો છે. પ્રભુએ જ પરમકૃપાથી પોતે જ પ્રગટ થવાનો નિર્ણય લઇ પોતાની કૃપાશક્તિ (Force) વાપરેલી છે. પિતા પોતાના બાળકના હાથમાં બેટ પકડાવી તે બેટથી પોતે જ દડાને ફટકારી ચોક્કો લગાવે તેવી આ વાત છે. બાળક ખુશ થાય છે પણ વાસ્તવિકતા તો પપ્પા જ જાણતા હોય છે. આ આપણી પ્રકૃતિ હજુ અશુદ્ધ હોવાથી આવી કૃપાની જરૂર હોય છે. છતાં પ્રભુ કોઇક વખત આ નિસર્ગના સાધનરૂપ શરીરમાં (Nature's instrument) કોઇક વખત લટાર મારવા મોજથી આવી જ જાય છે (loiters) તે અંતર્યામી પ્રભુ (Immanent) માણસરૂપી આ મકાનમાં રહેવા આવેલા હોય છે ''ઇશા વાસ્યમિદમ્ સર્વમ્'' આ યાજ્ઞવલ્કપની અનુભૂતિ સાધકને આવે છે. સાધકને લાગે છે કે આ સમગ્રજગત જાણે પ્રભુની આનંદદાયક વ્યાયામશાળા છે (gymnasium ) જેમાં પ્રભુ આનંદથી સમય વીતાવવા આવ્યાં છે (pastime's field) તેમાં તે પોતાની શક્તિ (might) વિવિધ રીતે અજમાવીને પોતાની ક્ષમતાનો આનંદ લૂંટી રહ્યો છે.

All-knowing he accepts our darkened state,
Divine, wears shapes of animal or man;
Eternal, he assents to Fate and Time,
Immortal, dallies with mortality.

તે પોતે સર્વજ્ઞ છે અને છતાં આપણા આ તમોગ્રસ્ત સ્વરૂપોને સ્વીકારે છે (darkened state) પોતે દિવ્ય હોવા છતાં અદિવ્ય એવા માનવો અથવા

પશુઓનાં સ્વરૂપો ધારણ કરે છે. પોતે સનાતન હોવા છતાં મર્યાદિત - જીવન કાળનો અંચળો ઓઢે છે અને ભાગ્યના ફટકા ખાઇ વિકાસ પામતો લાગે છે. અમર હોવા છતાં મરણોન્મુખ થયાની ઘટના રચી પોતાનો સમય જાણે અમથો બરબાદ કરતો લાગે છે (dallies)

The All-Conscious ventured into Ignorance,
The All-Blissful bore to be insensible.
Incarnate in a world of strife and pain,
He puts on joy and sorrow like a robe
And drinks experience like a strengthening wine.

આવી રીતે જે સર્વાંગ રીતે સભાન છે (All-Conscious) તે અજ્ઞાનના પ્રદેશમાં જાણે સાહસ કરી ઉતરી પડેલો લાગે છે અને તેનું અંતિમ પરિણામ એ આવે છે કે તે સર્વાંગપૂર્ણ આનંદમય હોવા છતાં, જાણે આનંદનો અનુભવ લેવો છે તે માટે એવી જડ પદાર્થની સ્થિતિમાં પહોંચી જાય છે, જ્યાં સંવેદનનું નામોનિશાન હોતું નથી. સંપૂર્ણ અસંવેદનશીલતા જ ત્યાં હોય છે (insensible) તે પછી તે દુઃખયાતના ભોગવતાં પ્રાણી અને માનવી જગતમાં રૂપો ધરે છે અને જીવનમાં સુખદુઃખની હારમાળ સર્જે છે. કોઇ વખત સુખનાં વસ્ત્રો તો કોઇ વખત દુઃખનાં વસ્ત્રો પહેરે છે. આ બધી તકલીફોમાંથી સ્વેચ્છાએ પસાર થવાનું તે માન્ય રાખે છે, કારણ આ અનુભવો દ્વારા ઘડાઇને તે પોતાના જીવનનાં સાચા ઉદ્દેશ બાબત સભાન બનવા માંગે છે. પોતાના જીવનના અનુભવોથી પોતાની સંકલ્પશક્તિને મજબૂત અને વિકસિત કરીને તેના ઉપયોગથી જીવનની સાચી સાધના તરફ વળવા માંગે છે, તે માટેની યોગ્યતા અને ક્ષમતા વિકસાવે છે; જે તેને આંતરિક બળ (strengthening wine) પૂરું પાડે છે.

He whose transcendence rules the pregnant Vasts,
Prescient now dwells in our subliminal depths.

(અનુ.પૃ.૨૧ ઉપર)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# વિશ્વ - ચેતનાનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૫૨-૩૫૫)

પ્રકરણ - ૧૬

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વ્યક્તિમાં રહેલી ચેતના પોતાની જાતને વિશાળ કરીને એક બહાર રહેલી વિશ્વરૂપ ચેતનામાં પરિણમે છે..... પ્રાચીન યોગોની ભાષામાં તેને તમારી પોતાની અંદર રહેલું બ્રહ્માંડ કહેવાતું. પૃ.૩૫૨

૨ વિશ્વરૂપ ચેતના એટલે વિશ્વની ચેતના, વિશ્વરૂપ આત્મતત્ત્વની અને વૈશ્વિક - પ્રકૃતિની ચેતના. પૃ.૩૫૨

૩ એક વૈશ્વિક - મનોમય, વૈશ્વિક - પ્રાણમય અને વૈશ્વિક - ભૌતિક પ્રકૃતિ હોય છે. પૃ.૩૫૨

૪. વિશ્વરૂપ અને વૈશ્વિક શબ્દો વચ્ચે કોઈ તફાવત નથી.

૫ આધ્યાત્મિક - ચેતના એવી ચેતના છે જેમાં આપણે આત્મા (ચૈત્યપુરુષ) જીવાત્મા અને પરમાત્માની સભાનતામાં પ્રવેશ કરીએ છીએ. પૃ.૩૫૩

૬ વૈશ્વિક - ચેતના એવી ચેતના છે જેમાં અહંકારની વ્યક્તિગત મનની અને શરીરની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે અને વ્યક્તિ વૈશ્વિક વિશાળતા વિશે સભાન બને છે. પૃ.૩૫૩

૭ વૈશ્વિક - ચેતનામાં જે વસ્તુ વિશે સાવધાન બનવાનું છે તે એક વિસ્તૃત બનેલાં 'અહં' વિશે તથા વિરોધી - બળોના હુમલાઓ વિશે છે. પૃ.૩૫૪

૮ સામાન્ય ચેતના એવી છે જેમાં માણસ મુખ્યત્વે બુદ્ધિથી બાહ્યમનથી અને

ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. પૃ.૩૫૪

૯ સર્વ વસ્તુઓને પોતાના આત્મામાં જોવી અને પોતાના આત્માને સર્વ વસ્તુઓમાં જોવી - સર્વત્ર એક જ સ્વરૂપ વિશે સભાન બનવું, ભિન્ન - ભિન્ન ભૂમિકાઓ, તેમનાં બળો અને તેમનાં સત્ત્વો વિશે સીધેસીધા સભાન બનવું એ વિશ્વરૂપતા છે.

******************

વ્યક્તિ પોતાની જાતને વિશાલ કરીને વિશ્વ-ચેતનામાં પ્રવેશી શકે છે. તેનાં પરિણામો જે અભાન રીતે સ્વીકારતી હતી તે હવે સભાન રીતે સ્વીકારી શકે છે. પોતે વિશ્વ - ચેતના સાથે સંપર્કમાં રહીને તેની ગતિવિધિઓ જાણી શકે છે. પોતે વિશ્વચેતના ઉપર અને તેની દ્વારા અન્ય વ્યક્તિઓની ચેતના ઉપર પણ કાર્ય કરી શકે છે. પોતાને વિશાળ કરવાથી વ્યક્તિ પોતાના અહંકારથી ઉપર ઊઠી શકે છે પણ સાથે સાથે તેણે નિર્લેપ રહેવાનો અભ્યાસ પણ કરવો પડે છે. વિશાળતા અને નિર્લેપતા આ બન્ને વિશ્વ-ચેતનાનાં ખાસ લક્ષણો છે.

વિશ્વ-ચેતનામાં વિશ્વાત્માની ચેતના અને વિશ્વપ્રકૃતિની ચેતના બન્નેનો સમાવેશ થાય છે. આ બન્ને પૂર્ણ સચેતન જ હોય છે - બાહ્ય સપાટી ઉપર તેઓ જડ અને અભાન જણાવા છતાં.

વ્યક્તિ - ચેતનામાં જે કાંઈ છે તે ખરેખર વિશ્વ-ચેતનામાંથી જ આવેલું છે અથવા વ્યક્તિ પોતે ખરેખર તો વિશ્વચેતનાનો જ અંશ હોય છે. ફક્ત અવિદ્યા અને અજ્ઞાનને કારણે વ્યક્તિ ચેતનાએ પોતાના અહંકારની એક દીવાલ નિર્માણ કરેલ છે.

પ્રભુનાં અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પરૂપે અનેકતા અને વિવિધતા નિર્માણ કરવા પ્રભુની પ્રેરણાથી જ, ઉત્ક્રાંતિના એક તબક્કામાં જરૂરિયાત મુજબ જ અહંકાર નિર્માણ થયેલ છે. તે ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કર્યા બાદ એક વિકૃતિ તરીકે જણાય છે. પણ તે ઉત્ક્રાંતિ માટેનું એક તબક્કાનું જરૂરી તત્ત્વ

છે. તે તત્ત્વનું કાર્ય પૂરું થયાં પછી તેમાંથી મુક્ત થવું એ પણ ઉત્ક્રાંતિનો જ એક ભાગ છે અને તેથી અહંકરમાંથી ઉપર ઊઠવું એ એક સહજ પ્રક્રિયા છે.

વિશ્વ પ્રકૃતિમાં વૈશ્વિક-મન, વૈશ્વિક-પ્રાણ અને વૈશ્વિક-પાર્થિવતત્ત્વનો સમાવેશ થાય છે. જીવાત્માના સંકલ્પાનુસાર તેમાંથી પ્રેરણા લઈને ચૈત્યપુરુષ તે વિશ્વ-પ્રકૃતિમાંથી પોતાના સંકલ્પાનુસારનાં વિકાસ માટે જરૂરી બળો અને ગતિવિધિઓને પોતાની અંદર સ્વીકારે છે. આમાંથી જ વ્યક્તિગત પ્રકૃતિ રચાય છે. આ દ્વારા જ ચૈત્યપુરુષનો વિકાસ સાધી પરાપ્રકૃતિ તરફ ખુલ્લા થવાનું હોય છે.

વ્યક્તિગત આત્મા એ પણ વૈશ્વિક-આત્માનો જ અંશ છે અને પ્રભુના અનંતરૂપે પ્રગટ થવાના સંકલ્પને સાકાર કરવા તે પોતે પ્રભુનું એક વિશિષ્ટ આવિર્ભાવ - કેન્દ્ર તરીકે થયેલ હોય છે. આ વ્યક્તિગત આત્માના નિષ્ક્રિય પાસાને જીવાત્મા અને સક્રિય પાસાને ચૈત્યપુરુષ કહેવામાં આવે છે. તે જ વિકાસ પામીને અનેકતામાં એકતાનું દર્શન કરે છે. આ એકતાનાં બે પરિણામો હોઈ શકે છે :

૧. એકતામાં પોતાને પૂરેપૂરો વિલીન કરીને નિર્વાણ - અવસ્થા પ્રાપ્ત કરવી. આ ગૌતમબુદ્ધ અને અદ્વૈત સિદ્ધાંતનો મત છે.

૨. વિશેષ પ્રકારનું દ્વૈત લીલાખાતર રાખી વિશ્વલીલામાં પ્રભુના સંકલ્પાનુસાર સહભાગી થવા દિવ્યલોકમાં વસવું. આ વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધદ્વૈતનો વિચાર છે.

૩. પ્રભુ સાથે પણ એકરૂપ થયા પછી પ્રભુના કાર્યમાં સહભાગી થવા વ્યક્તિસ્વરૂપ ટકાવીને પ્રભુના એક દિવ્ય-યોદ્ધા તરીકે સૂક્ષ્મ-જગતમાં રહીને કે સ્થૂળ-જગતમાં જન્મ લઈને કાર્ય કરવું. આ શ્રી અરવિન્દના પૂર્ણયોગનું ધ્યેય છે.

આ ત્રણે પ્રકારમાં એ સામ્યતા છે કે દરેક સ્થિતિમાં આધ્યાત્મિક - ચેતનામાં રહેવું પડે છે. આધ્યાત્મિક - ચેતના એટલે ચૈત્યપુરુષ (આત્મા) જીવાત્મા અને પરમાત્મા વિષે સભાન બનવું અને તેમની ગતિવિધિઓને વિવિધ વૈશ્વિકબળોની

લીલા તરીકે આ ભૌતિક - જગતનાં મૂળમાં જોવી. આવી વ્યક્તિ વૈશ્વિક ચેતના બાબત સભાન બને છે. તેમાં વ્યક્તિની અહંકારજન્ય કે શારીરિક મર્યાદાઓ ભૂંસાઈ જાય છે અને વ્યક્તિ પોતાને બ્રહ્માંડવ્યાપી અનુભવે છે. તે અધિમનસ અને ઈતર શક્તિઓ વિષે સભાન બને છે. તેમાં મન કે અહંકાર નાશ નથી પામતો પણ પોતાને તથા અન્યોને, બધાંને પોતાની જાતના વિવિધ અંશો તરીકે અનુભવે છે. અહંકાર અનેક આવિર્ભાવ કેન્દ્રો પૈકીનું એક આવિર્ભાવ કેન્દ્ર માત્ર બની રહે છે. વિશાળ આત્મા સાથે એકરૂપ થઈ તે જીવન ધારણ કરે છે અને તે પછી વધારે ઊર્ધ્વમાંની વાસ્તવિકતાઓ સમજતો થાય છે. સારાંશ, જગત બાબતનું તેનું દર્શન સામાન્ય માનવ કરતાં તદ્દન અલગ અને કદાચ વિરોધી હોય છે. તે ઈન્દ્રિયો, મનની બુદ્ધિની મર્યાદાઓમાંથી વધારે મુક્ત થયેલો હોય છે પણ વૈશ્વિક ચેતના પણ તદ્દન સુરક્ષિત નથી. વિરોધીબળો તેનાં જ ભાગરૂપ હોય છે. વૈશ્વિક અહંકાર પણ તેનો જ ભાગરૂપ છે. આ બન્ને તત્ત્વો અવરોધરૂપ બની શકે છે. તે માટે સદા જાગૃત ચૈત્યપુરુષનું નેતૃત્વ અને તેનું માર્ગદર્શન આ જ સચોટ ઉપાય છે.

માનવ આજે જે સામાન્ય ચેતનામાં જીવે છે, તેમાં તે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિની મદદથી જ્ઞાન મેળવે છે. તેને વૈશ્વિક બળોનું સીધે સીધું જ્ઞાન હોતું નથી પણ તેના પરિણામોના આધારે થોડું ઘણું જાણે છે. આંતરપ્રેરણાઓ તેને કવચિત્ મદદરૂપ થાય છે પણ તે તેની ચેતનાની કાયમી ક્ષમતા નથી. તે પોતાને શરીર પૂરતી મર્યાદિત જ સમજે છે. જગત પોતાથી જુદું છે અને બહાર છે એમ તેને લાગે છે. જ્યારે તે વૈશ્વિક ચેતનામાં પ્રવેશે છે ત્યારે તેનું આ દર્શન બદલાય છે, જેમાં નીચેના તફાવતો મહત્ત્વના હોય છે :

૧ પોતાની ચેતનાને વિશાળ અને વિશ્વવ્યાપી અનુભવતો હોવાથી તે શરીર પૂરતી મર્યાદિત છે એ ભ્રમણા તૂટે છે.

૨ જગત પોતાની વિશાળ ચેતનાની અંદર જ છે, બહાર નથી એની ખાતરી થાય છે.

૩ વસ્તુઓ અને તેનાં કાર્યો સાથે સીધે સીધા સંપર્કમાં આવે છે, તેથી તે વસ્તુની અંદર રહેલ શક્તિ બાબત જાણતો થાય છે પણ આ સંપર્ક હજી પૂરેપૂરો હોતો નથી.

૪ પોતાની ચેતના બધામાં વ્યાપ્ત છે, પ્રવેશીને રહેલી છે એવો પણ અનુભવ આવે છે.

૫ સૂક્ષ્મ જગતો અને સત્ત્વોના સંપર્કમાં આવવા લાગે છે.

૬ આ વૈશ્વિક ચેતનામાં વ્યક્તિ ચેતનામાં રહેલા બધાં જ ચેતનાનાં સ્તરો હોય છે તેમાં શારીરિક સ્તર પણ આવી જ જાય છે.

૭ વ્યક્તિ જીવનમાં વૈશ્વિક તત્ત્વોનાં કાર્યોને જે અંગતરૂપ આપવાની ટેવ વ્યક્તિને પડી હોય છે તે વૈશ્વિક ચેતના પ્રાપ્ત થતાં બિનઅંગત વસ્તુ લાગવા માંડે છે.

૮ નિમ્નપ્રકૃતિમાંથી મુક્તિ મેળવવા આવી બિનઅંગતતા જરૂરી હોય છે.

---

(અનુ.પૃ.૧૭ ઉપરથી)

## સાવિત્રી

A luminous individual Power, alone.

આવું વ્યક્તિસ્વરૂપ ધારણ કરેલું હોવા છતાં તેની ઉપર આત્મતત્ત્વનું શાસન ચલાવે છે તેનું એક નિર્વૈયકિતક અસીમ - ચેતના, અક્ષર-પુરુષ અથવા જીવાત્મા કહે છે તે સ્વરૂપ તેના વ્યક્તિ સ્વરૂપની પાછળ સંતાએલું હોય છે. (pregnant) આમ વ્યક્તિ - સ્વરૂપો પણ સત્ - ચેતના ઉપર જ પ્રતિષ્ઠિત હોય છે. તે નર્યો ભ્રમ નથી જ. તેના પ્રતિનિધિ સ્વરૂપ આપણા બાહ્ય વ્યક્તિ-સ્વરૂપથી અજાણ એવું એક સર્વજ્ઞ (Prescient) ચૈત્યપુરુષનું સ્વરૂપ હોય છે, જે ઊંડે ઊંડે આંતર સ્વરૂપમાં વસે છે. તે ચૈત્યપુરુષ પ્રકાશમય હોય છે (luminous) એક વ્યક્તિગત આવિર્ભાવ કેન્દ્ર હોય છે. તેમાં વિશેષ પ્રકારનો આવિર્ભાવ કરવાની ક્ષમતા (Power) પણ હોય છે અને તેવો આવિર્ભાવ તે એકલો જ કરી શકે છે (alone)

# દૈવીશક્તિઓનું શરીરમાં કાર્ય

(ઉપનિષદો, પૃ.૧૧૪-૧૧૬)

1. Mind is the prinicipal agent of the lower consciousness. P. 114
2. Prana is in nervous system and is main instrument of mind. P. 114
3. Mind receives contact of outer world through the organs. P. 114
4. Material existence is formed from the five elements called Adhibhuta. P. 114
5. Non-material powers manifest through the mind are called Adhideva. P. 114
6. Above the non-material powers itself the spirit is called Adhyatma. P. 114
7. The Upanishad is not concerned here with the elemental objects Adhibhuta as they are controlled by cosmic powers called Adhideva. P. 114
8. Mind and Prana are just like arrows or messengers of something else. That is spirit. P. 115
9. Out of five pranas none of these are the supreme breath. P. 115

10. Five pranas, all these are propelled by Vayu, (life breath) It is formed by Agni (the will-force) The secret power behind them is single conscient existence, which can never be constructed. (અકૃત) * * *

મન એ આપણા બાહ્ય સ્વરૂપમાં કાર્ય કરનારું મહત્ત્વનું સાધન છે. આપણું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. મહાભૂત એટલે ખૂબ જ ઘનીભૂત થએલી અવસ્થા તેની પાંચ અવસ્થાઓને આકાશ, વાયૂ, અગ્નિ, આપ અને પૃથ્વી કહ્યાં છે. તેમનાં વધતા ક્રમે એક એક ગુણ વધારે હોય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ તેમના આપણને અનુભવાતા થોડાક ગુણધર્મો છે. તેથી તેમને 'તન્માત્રા' તેમનો નાનકડો અંશ એવું કહે છે. આકાશમાં ફક્ત શબ્દ, વાયુમાં શબ્દ અને સ્પર્શ, અગ્નિમાં શબ્દ, સ્પર્શ ઉપરાંત રૂપ, આપમાં આ ત્રણ ઉપરાંત રસ અને પૃથ્વીમાં પાંચેપાંચ ગુણધર્મો છે. પૃથ્વી એટલે ભૌતિકજડ તત્ત્વ. તેનાં બે ભાગ છે - જડ ભૌતિક અને ચેતન શારીરિક. આપણું શરીર શારીરિક - તત્ત્વનું બનેલું છે.

ઉપનિષદ આ શારીરિક - ચેતનતત્ત્વ બાબતની ચર્ચા કરતું નથી, કારણ તે મન અને પ્રાણના ફક્ત બાહ્યસાધન માત્ર છે એ આપણે બધા જ સ્પષ્ટ અનુભવીએ છીએ. તેથી ઉપનિષદ આધિભૌતિકની ચર્ચા કરતું નથી.

તે ફક્ત આધિદૈવિક અને આધ્યાત્મિક તત્ત્વોની જ ચર્ચા કરે છે.

મન, પ્રાણનો ઉપયોગ વૈશ્વિકશક્તિઓ કરે છે. આમ, મન, પ્રાણ પણ સાધન માત્ર જ દેખાય છે. તે વૈશ્વિકશક્તિઓને જ ઈન્દ્ર, અગ્નિ, વાયુ એવાં નામ આપેલાં છે. તેઓ જ મન, પ્રાણ અને વિવિધ ઈન્દ્રિયોને શક્તિ પુરવઠો કરીને ચલાવે છે અને તેમનાં કાર્યોને સંઘટિત પણ કરે છે.

દા.ત. આપણા શરીરમાં પાંચ પ્રકારનાં પ્રાણ કાર્ય કરે છે. તેમાં પ્રાણ વૈશ્વિકપ્રાણમાંથી શક્તિ લઈ તેને શરીરમાં દાખલ કરે છે. અપાન શરીરના નિમ્નભાગોમાં તેનું વિતરણ કરે છે. પોતે પ્રાણ ઉપરના ભાગોમાં વિતરણ કરે છે. અપાન ઉપયોગ બાદ રહેલા પ્રાણને ફરી વિશ્વપ્રાણમાં પાછો મોકલી આપે છે. તેથી તેને મૃત્યુ સાથે સરખાવ્યો છે. મૃત્યુમાં વ્યક્તિની ચેતના વિશ્વચેતનામાં

વિસર્જિત કરવામાં આવે છે.

સમાન પ્રાણ અને અપાન બન્નેનાં કાર્યને સંતુલિત રાખવાનું કાર્ય કરે છે. વ્યાન પ્રાણશક્તિને પ્રાણ અને અપાન દ્વારા સમગ્ર શરીરમાં ફેરવે છે. ઉદાન પ્રાણશક્તિને આધ્યાત્મિક કાર્ય તરફ વાળે છે. તે ભૌતિક અને આધ્યાત્મિક જીવન વચ્ચે કડી સ્થાપે છે.

વેદોમાં આ સમગ્ર પ્રાણશક્તિને ઘોડાની ઉપમા આપેલી છે. કારણ તે ઘોડાની જેમ વેગથી દોડે છે, પ્રવાસ કરે છે.

કેન આ પ્રતીકનો જ આધાર લઈ આ પ્રાણશક્તિ માટે પ્રશ્નો પૂછે છે. આ પ્રાણશક્તિને કોણે આ કાર્યની ધૂંસરી સાથે બાંધ્યાં છે ? (યુક્તઃ) કોણ તેમને વેગથી આગળ લઈ જાય છે ?

સારાંશ, પ્રાણશક્તિ પણ બીજી જ કોઈ વાસ્તવિકતાનું સાધન છે.

પ્રાણશક્તિ ઇન્દ્રિયોનું સંચાલન તો કરે જ છે અને સાથે સાથે મનને પણ મદદ કરે છે.

મન જ માનસિક પ્રતિમાઓ સર્જે છે તેમાં દ્રવ્ય તરીકે પ્રાણશક્તિ જ વપરાય છે. ઘણી વખત આપણા વિચારો માનસ પ્રતિમા રચતાં નથી છતાં અદૃશ્ય ઘડતરો રચે છે. તે પણ પ્રાણશક્તિનાં જ બનેલાં હોય છે. પ્રાણશક્તિ જે ભૂતના સૂક્ષ્મભાગને તેમાં વાપરે તેના ગુણધર્મો તે ઘડતરમાં પ્રગટ થાય છે.

આ ઘડતરો રચાયા પછી વિશ્વપ્રકૃતિમાં ઠલવાય છે અને પોતાના પ્રવાસે ઉપડી જાય છે. તે પ્રવાસ કરાવનાર તત્ત્વ પ્રાણ નથી. તો કયું તત્ત્વ તે ઘડતરોને વેગ આપે છે ? દિશાને માધ્યમ બનાવવા કોણ ભરી દે છે ? તેમને પ્રવાસ કોણ કરાવે છે ? તેમનો અર્થ સાંભળનારના મનને કોણ સમજાવે છે ?

સારાંશ, મન, પ્રાણ અને તેમની પાછળની વૈશ્વિક દિવ્યશક્તિઓ કાર્ય કરે છે. સર્જન કરે છે પણ તેમનું સંચાલન કરનાર તે પોતે લાગતા નથી. આ વૈશ્વિકશક્તિઓ રૂપી દેવોની પાછળ કોઈ વૈશ્વિક મહાન શક્તિ હોવી જોઈએ જે આ કાર્ય કરાવે છે. તે દેવ કોણ છે ? એ યક્ષપ્રશ્ન ફરી ઉપનિષદ સામે આવી ઊભો રહે છે.

# ચાર સમ્રાટો - (વરુણ, મિત્ર, ભગ, અર્યમા)

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૦-૧૧૭)

પ્રકરણ -૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અદિતિના પુત્રો દેવો, આદિત્યો, વિશ્વદેવો આવા જુદાં જુદાં નામે ઓળખાય છે. તેમનું સ્વરૂપ પ્રકાશમય હોવાથી તેમને દેવો કહે છે. તેઓ અદિતિના પુત્રો હોવાથી તેમને આદિત્યો કહેવામાં આવે છે, જ્યારે તેઓ વિશ્વની ઉત્ક્રાંતિનું સંચાલન કરતા હોવાથી તેમને વિશ્વ દેવો કહેવાય છે.

ઈન્દ્ર, વરુણ, અગ્નિ, મિત્ર, ભગ, અર્યમા, વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મસ્પતિ, વાયુ, સોમ, નિઋતિ, યમ, અશ્વિનો, માતરિશ્વા, મરુતો આવા વેદોમાં તેમનાં અનેક નામો જોવા મળે છે. દેવીઓમાં ઉષા, મહિ, ઈલા, સરસ્વતી આ નામ જાણીતાં છે. ઋભુઓ અને આંગિરસો માનવ પિતૃઓ છે. માનવ પિતૃઓનાં બે અર્થ છે.

૧. પ્રથમ માનવ તરીકે જન્મ્યાં અને સાધના તપના અંતે દેવો બની ચુકેલા માનવોના પૂર્વજો..... દેવો જન્મથી દેવો હોય છે, જ્યારે આવા લોકો સાધના દ્વારા દેવત્વ પામે છે.

૨. દેવોની એવી શક્તિઓ જે પહેલેથી જ માનવ સ્વરૂપમાં ઊતરી આવી છે અને તે વૈશ્વિક શક્તિઓ તરીકે બહારથી માનવનાં વિકાસમાં કામ નથી કરતી પણ માનવ સ્વરૂપની અંદર રહીને જ વિશ્વ શક્તિઓ રૂપ દેવોના કાર્યનો ફાયદો લઈને માનવની ચેતનાને વિકસાવે છે. આવી ક્ષમતાઓ માનવ સ્વરૂપનાં

બાંધણી વખતથી જ પહેલેથી જ ગોઠવણ કરેલી હોવાથી તેમને પિતૃઓ કહેવામાં આવે છે. આમ માનવ પિતૃઓનું સ્વરૂપ રચાય છે. તેઓ દેવો જ છે. પણ માનવ સ્વરૂપમાં રહીને કાર્ય કરે છે.

વિશ્વદેવો અને માનવ પિતૃઓને જોડનાર એક દેવ છે તે મધ્યસ્થી તરીકે કાર્ય કરતો હોય છે. તેઓ એક બાજુ દેવોને આકર્ષીને માનવસ્વરૂપ ઉપર કાર્ય કરાવે છે. બીજી બાજુ, અંદર રહેલા માનવ પિતૃઓને વિકસાવી તે મદદનો ફાયદો લઈને તે માનવની ચેતનાનો વિકાસ કરાવે છે. આ મધ્યસ્થ દેવ એટલે અગ્નિ. તેથી અગ્નિને 'દેવોનું મુખ' કહ્યો છે. તેનો એક નાનકડો અંશ માનવ સ્વરૂપમાં અને મોટો ભાગ વૈશ્વિક શક્તિ તરીકે રહેલો છે; તેથી તે વિશ્વદેવોમાંના એક હોવા છતાં દેવોના કાર્યનો આધાર છે.

વિશ્વદેવોમાં માનવી - ચેતનાને અવચેતન અને અજ્ઞાનમાંથી મુક્ત કરવામાં ઇન્દ્ર, સારમા, ઉષા, મરુતો, સૂર્ય મદદરૂપ થાય છે. પણ માનવીની ચેતનાને જ પ્રત્યક્ષ દિવ્ય કરવામાં ચાર દેવો તેમનાં માનવી ચેતનાના આંતરિક વિકાસના કાર્યમાં મદદરૂપ થાય છે. અગ્નિ તેમને આંતરિક આધાર આપે છે.

આશ્ચર્ય એ છે કે આ ચાર દેવો આટલા મહત્ત્વનાં હોવા છતાં તેમનો ઉલ્લેખ પુરાણોમાં આવતો નથી. તેનાં કારણો નીચે મુજબનાં છે :

૧. તેમનાં વિશેષ કાર્યો નથી પણ બધાં દેવોનાં કાર્યને મદદરૂપ સર્વસામાન્ય અને વિશાળ અનેકવિધ કાર્યો હોવાથી તેમના સ્વરૂપોનું ગઠન સ્પષ્ટ અને ધ્યાન ખેંચે એવું થયું નથી. તેને કારણે તેમના નામે ગણ્યાગાઠ્યાં જ સૂક્તો છે. વરુણનાં નામે થોડાંક છે. મિત્રનાં નામે બે, ભગનાં નામે લગભગ ત્રણ અને અર્યમાનાં નામે એકે નથી

૨. આ ચારે દેવોનું સ્વરૂપ ધીમે ધીમે ઓગળતું ગયું અને તે આત્માની જ્ઞાન અને શક્તિસ્વરૂપ પીસા તરીકે દ્વિદલ ચેતનામાં ગોઠવાઈ ગયાં. તે પછી તેમના કાર્યભેદથી ત્રણ સ્વરૂપો રચાયાં, જેમને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહે છે. તેમના કાર્ય સાથે વૈદિક વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્મણસ્પતિનાં કાર્યો પણ

મિશ્રિત થઈ ગયાં. વિષ્ણુ 'સત્' તત્ત્વનું આધાર આપી સાચવણીનું કાર્ય કરે છે. રુદ્ર ચિત્ તત્ત્વનું વિરોધી શક્તિઓના વિનાશનું અને શુભ પ્રભાવોને વધારવાનું. બ્રહ્મા આનંદ તત્ત્વનું, નવરચના કરી આનંદ મેળવવાનું વિશેષતઃ દર્શના, શ્રવણાની નવરચના કરે છે.

આ બધી સમજણ દરમિયાન આપણે એક મૂળભૂત સત્ય ધ્યાનમાં રાખવાનું છે કે બધા જ દેવો પ્રભુની ક્ષમતાનાં વિશેષ શક્તિ પ્રવાહરૂપ છે. બધાંનો આધાર પ્રભુની ચેતના જ છે અને તેઓ સતત તેના સંપર્કમાં હોય છે. પ્રભુના સંકલ્પ માટે એક ક્ષમતારૂપ દેવ સક્રિય બનતાં અન્ય દેવોની ક્ષમતાઓ તેને મદદરૂપ બની જાય છે. તેથી દરેક કાર્ય પ્રમુખ એક દેવનું હોવા છતાં તેમાં અન્ય દેવોના કાર્યો મળી જ જતાં હોય છે. માનવ ઋષિ તે દેવની સ્તુતિ કરતી વખતે આ દરેક દેવના કાર્યને જુદાં પાડી શકતો નથી અને તે એક દેવનીજ ક્ષમતા દેખાય છે અને તેમની વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા દોરવી અશક્ય બની જાય છે. ઉપર મુજબની વાસ્તવિકતા ધ્યાનમાં રાખવાથી આવી ઘટનાઓ ગૂંચવાડા સ્વરૂપ નહિ લાગે બધાં જ કાર્યનું નવું ક્ષેત્ર નિર્માણ કરવામાં મૂળ દેવના કાર્યને પૂર્ણતા બક્ષવામાં તેને મદદરૂપ સામગ્રી ભેગી કરી આપવામાં મદદરૂપ થતાં હોય છે.

આર્ય ઋષિઓનો મૂળ ઉદ્દેશ જીવનનું રહસ્ય ઉકેલવાનો હતો. તેમણે જીવનમાંનો મૂળભૂત કોયડો દુઃખ અને મૃત્યુ ઉકેલી દર્શાવ્યો. અમૃતત્વનો માર્ગ શોધી કાઢ્યો હતો. દુઃખો, મૃત્યુ આપણને ભયાનક અને જીવનવિરોધી લાગે છે. ખરેખર તેમ નથી. તે માનવીની અલ્પસંતુષ્ટિને ધક્કો આપી તેને અમૃતના માર્ગે લઈ જવા પ્રયત્નો કરતા હોય છે. તેમનામાં જીવનની સાચી સમજણ વિકસાવે છે. આ સાચી સમજણથી જીવનનાં દુરિતો બાબતનો ઘેરો પડછાયો તેમના મનમાંથી હઠી ગયો, પણ ઇજિપ્તમાં આથી વિરુદ્ધ ઘટના બની. સાચી સમજણ ન મળતાં અદિવ્યતત્ત્વો સાથે સંઘર્ષ કરવામાં અને ભૌતિક શરીરને ટકાવવામાં જ તેમની સાધના વળી ગઈ. જીવનમાં નિરાશાનો ઘેરો પડછાયો પડ્યો.

આથી સમજાશે કે યુરોપિયન દેશોમાંની ઓફિયસની ગૂઢ વિધિઓ
(અનુ.પૃ.૩૮ ઉપર)

# ચેતન-વિકાસની આંતરિક - પ્રક્રિયા

પ્રકરણ - ૩૮
(પૃ.૧૫૯-૧૬૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

તે પછી ઘણી વખત તે પ્રકાશને શારીરિક કોષોમાં પ્રવેશવા માટે મદદ કરવા સાધકની ચેતનાને નીચે ભૌતિક-ચેતનામાં ઉતારવામાં આવે છે. તે વખતે સાધક એક મોટામાં મોટી ભૂલ કરી બેસે છે. તે વખતે પ્રભુની ઈચ્છા એવી હોય છે કે સાધક પોતાની સંકલ્પશક્તિને સક્રિય કરીને તેની તપઃશક્તિથી કોષોની આસપાસ વીંટળાઈ વળેલા પ્રકાશને તે કોષોમાં દાખલ કરવા તેની ઉપર દબાણ લાવે પણ તેના બદલે સાધક પોતાની મનોમય-ચેતનાના પ્રકાશમાં જે દૃષ્ટાભાવ સ્થાપેલો હોય છે, તેને અનુસરવા માંડે છે અને તેથી શારીરિક-કોષોમાંનું અવચેતન હુમલાના ડરથી ઉશ્કેરાઈને પોતે કામાદિ વિકારોને જાગૃત કરીને તેની સામે મોરચો માંડે છે. પણ સાધક સંકલ્પ બળ લાપરીને સામનો કરે તો તેટલા પ્રમાણમાં તે અવચેતનને નબળું પાડી નાખે છે, પણ દૃષ્ટાભાવમાં જ સ્થિર રહે તો અવચેતનને વિરોધ ન થવાથી તે પોતાના હુમલા તીવ્ર કરે છે, જે સાધકના પતનને જાણે નિશ્ચિત બનાવી દે છે.

તેથી સાધકે જ્યારે પણ તેની ચેતના ઊર્ધ્વમાંના મનોમય પ્રકાશના વિશાળ ક્ષેત્રને છોડીને નીચે ભૌતિક ચેતનામાં પ્રવેશે છે ત્યારે પોતાના સંકલ્પબળથી કોષોમાં તે પ્રકાશને દાખલ કરવાના પ્રયત્નમાં જ લાગી જવું જોઈએ. તે વખતે દૃષ્ટાભાવ ન રાખવો જોઈએ. કોઈનો દૃષ્ટાભાવ છૂટી જઈને આ રીતે કરવા માંડે તો તેને પોતાની ભૂલ માની બેસવાની ભૂલ કરવાની નથી. તેમ જ કરવું જરૂરી છે.

જો પોતાની ચેતનાને ઊર્ધ્વમાં જ મનોમય પ્રકાશમાં રાખો ત્યાંથી જ જો તે પ્રકાશને શરીરમાં ભરી દઈ કોષોમાં પ્રવેશવા દબાણ લાવે તો તે સહુથી વધુ સુરક્ષિત માર્ગ છે. પણ સાધારણ રીતે સાધકની ચેતનાને શારીરિકમાં ઉતારી જે તે ભાગ બાબત સભાન બનીને ત્યાં કાર્ય કરવાની ટેવ હોવાથી તે પોતાની આ જૂની ટેવ જ અખત્યાર કરે છે. બહુસંખ્ય સાધકોની આ ભૂલ થાય છે. તે ઊર્ધ્વમાં રહી સંકલ્પશક્તિને વાપરીને કોષોમાં પ્રકાશ ઉતારવાના પ્રયત્નથી જ સુધરી શકે છે.

તમે જો ઊર્ધ્વમાંથી સતત પ્રકાશને શરીરમાં ભરવાની પ્રક્રિયા શરૂ રાખશો, તો ધીમેધીમે ભૌતિક-ચેતના જ તે પ્રકારની માંગણી કરતી થશે અને તે પછી તો તે પોતે જ પ્રકાશને પોતામાં અવતરણ કરાવવાની ક્ષમતા વિકસાવવા માંડે છે. આ સાધનામાંનું એક મોટું યશ હોય છે.

ચેતનાના વિકાસની ગતિ દરેક ચેતનાના સ્તરની જુદી જુદી હોય છે. સહુથી મંદ ભૌતિક (શારીરિક) ચેતનાની હોય છે. તેમાં અચેતન અને અવચેતનનો પ્રભાવ વધારે હોવાથી તે યાંત્રિક રીતે પોતાની જૂની ટેવોનું અનુસરણ કરવા ટેવાયેલું હોય છે. આ તેની જડતાને કારણે જ તેના વિકાસની ગતિ ખૂબ જ ધીમી પડી જતી હોય છે.

તેની આ મંદગતિને કારણે તેનાથી ઊર્ધ્વ - ચેતનાના ઝડપી વિકાસમાં અવરોધો આવતા જ હોય છે અને જ્યાં સુધી આ ભૌતિક ચેતના પોતે જલદ ગતિ પકડીને અન્ય તત્ત્વોની સાથે જ તાલબદ્ધતા નિર્માણ ન કરે ત્યાં સુધી દરેક તત્ત્વના રૂપાંતરમાં ઊણપ રહેતી હોય છે. આ ઊણપ ખૂબ લાંબો સમય ટકી રહે છે, કારણ અતિમનસનો પ્રભાવ તે ન ઝીલે ત્યાં સુધી તેમાં ખાતરીલાયક પરિવર્તન આવતું નથી અને જ્યાં સુધી અધિમનસ પોતે અતિમનસનો પ્રકાશ પોતે પૂરતા પ્રમાણમાં ન ઝીલે ત્યાં સુધી આ અતિમનસ પ્રકાશ ભૌતિક - ચેતના ઉપર કાર્ય કરી શકતો નથી.

અધિમનસ અતિમનસ પ્રકાશને ઝીલતું થયું છે તેનું એક ખાસ લક્ષણ છે - સાધકમાં આત્મદૃષ્ટિ ખીલવા માંડે છે. પ્રાણીમાત્રમાં સર્વત્ર તેને ચેતનાનો પ્રકાશ કાર્ય કરતો અનુભવાય છે, સમગ્ર બ્રહ્માંડમાં પોતાની જ ચેતના ફેલાયેલી

અનુભવાય છે. આ પ્રકાશને સંકલ્પબળે જ્યારે ભૌતિક - ચેતના ઉપર દબાણ લાવીને એકાગ્ર કરવામાં આવે છે ત્યારે જ શારીરિક - ચેતનાનાં કોષોમાં પ્રકાશ દાખલ થઈને ત્યાંના અવચેતન અને અચેતનના અજ્ઞાનો નાશ થાય છે અને કોષોનું સંચાલન પોતાના હસ્તક લે છે. આમાં સાધકે પોતાની સંકલ્પાશક્તિને અતિમનસશક્તિના માધ્યમ બની કાર્ય કરવા દેવી પડે છે.

સાધકો આવી સ્થિતિ પેદા થાય ત્યારે બીજી ભૂલ કરી બેસે છે - તેને એમ લાગે છે કે એક ચેતનાનું પૂરેપૂરું પરિવર્તન કર્યા પછી જ ઊર્ધ્વ ચેતનામાં પ્રવેશવું. આ ભૌતિક સમજણ ખોટી છે. શ્રી અરવિન્દે પણ આવી રીતે આગળ વધવાનો પ્રયત્ન કરી જોયેલો પણ યશસ્વી થયા નહોતાં શ્રી માતાજીએ તેમને પોતાની પદ્ધતિ જણાવી. દરેક તત્ત્વને થોડા ઘણા પૂરતા પ્રમાણમાં વિકસાવતા આગળ વધી જવાનું અને શક્ય બને તેટલો અતિમનસનો સંપર્ક સાધવાનો અને તેને પછી નીચે લાવી બધા જ તબક્કામાં સહજ રીતે પૂર્ણતા લાવવાનો વારાફરતી પ્રયોગ કરવાનો. સંજોગો જ નિશ્ચિત કરશે કે તમારે કયા ચેતનાના સ્તરે કાર્ય કરવાનું છે. પરંતુ દરેક સ્તરે સંકલ્પ શક્તિનો ઉપયોગ કરી તેને તમે જ્યાં સ્થિર કરશો ત્યાં અતિમનસકાર્ય કરવા માંડે છે. આ રીતે ચેતનાનાં વિવિધ સ્તરોને વધુ ને વધુ પૂર્ણ કરતા જવાનાં છે. અંતે, તે બધાં જ એક તબક્કે સર્વ કક્ષાએ પોતાનું કાર્ય આરંભશે. આ કક્ષાએ પહોંચ્યા બાદ તમે જાણે અવચેતન અને અચેતનની સીમાને ઉલ્લંઘીને આત્માના પ્રદેશમાં પ્રવેશી જાઓ છો, તેથી આ પછી પતનનો ભય લગભગ ટળી જાય છે.

આ સમગ્ર પ્રક્રિયાને કેટલો સમય લાગશે તે બાબત કોઈ નિશ્ચિત સમયગાળો કહી શકાતો નથી. દરેક પ્રકૃતિની ખાસિયત. નબળાઈઓ અને ગુણવત્તાનુસાર આ સમયગાળો લાંબોટૂંકો હોઈ શકે છે.

નિશ્ચિતતા ફક્ત બે જ ક્ષેત્રમાં છે :

૧ ભૌતિક તત્ત્વની પ્રક્રિયાઓમાં (રાસાયણિક) જ્યાં ગાણિતિક - નિશ્ચિતતા હોય છે અને અતિમાનસિક ક્ષેત્રમાં જ્યાં દિવ્ય - નિશ્ચિતતા હોય છે. પ્રભુનું નિશ્ચિત આયોજન હોય છે.

સાધના કરવી એ આપણું કામ છે. તેનાં ફળ પ્રભુની ઇચ્છા પર છોડી દેવાં જ હિતાવહ છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૪૩

## હમેશાં ભગવાનની શક્તિ જોડે સંપર્કમાં રહો

સમજૂતી – કમલેશ માંડવિયા

- એક એવી અવસ્થા આવે છે..... સાધકને પોતાની અંદર કાર્ય કરતી દિવ્ય શક્તિનું ભાન થાય છે..... તેના કાર્યની આડે તે પોતાની માનસિક પ્રવૃત્તિને, પ્રાણની અશાંતિને કે દેહની જડતા અને તમોમયતાને આવવા દેતો નથી...... પૃ.૩૯
- પ્રભુને સમર્પણ કરવું એ આપણી ચેતનાને તેના પ્રત્યે ખુલ્લી કરવાનો સારામાં સારો ઉપાય છે. પૃ.૩૯
- સમર્પણ એટલે..... પોતાના વિચારો, કામનાઓ, ટેવો વગેરેનો આગ્રહ છોડી દઈને તેમને ઠેકાણે ભગવાનના દિવ્ય સત્યની જ્ઞાનજ્યોતિને, તેની દિવ્ય ઈચ્છાને અને તેના કાર્યને પોતાની પ્રકૃતિમાં સર્વત્ર અનુમતિ આપવી. પૃ.૩૯-૪૦
- હમેશાં ભગવાનની શક્તિ જોડે સંપર્કમાં રહો..... તેનું પોતાનું કાર્ય તમારામાં એને કરવા દેવું. પૃ.૪૦
- ..... પરંતુ જો તમારી બુદ્ધિને તમારી પ્રકૃતિનું નેતાપણું કરવા દેશો..... તો...... પ્રકૃતિની અંદર રહેલી નીચેની શક્તિઓ પોતાને ખાતર તમારી અંદર કાર્ય કરવા માંડશે અને સઘળે અવ્યવસ્થા વ્યાપી જશે તથા અસત્ય પ્રવૃત્તિઓનો આરંભ થશે. પૃ.૪૦

શ્રી માતાજી કહે છે કે, ".....feel interested only in your relation with the Divine, what He expects from you and what you want to do for Him. For this is the only thing which matters. All the rest has no importance." (CWM, Vol 7, Pg. 389)

સાધકમાં એક એવી અવસ્થા આવે છે, જેમાં તે અનુભવે છે કે ઊર્ધ્વની દિવ્ય શક્તિઓ તેનામાં કાર્ય કરી રહી છે. આ કાર્ય તે પોતાનામાં થતું અનુભવે છે અથવા તો પરિણામરૂપે બનતું અનુભવે છે. આ બંને ઘટનાઓમાં તે જાણે છે કે વ્યક્તિગત પ્રયત્નોની જગ્યાએ દિવ્ય શક્તિઓ કાર્ય કરે છે. જાણે કોઈ અગાધ સમુદ્રમાં એક શક્તિરૂપી ચેતનાની લહેર પોતાને અનુભવે છે. પ્રભુ અને ભક્ત વચ્ચેની દિવાલ જાણે નષ્ટ થઈ જાય છે.

આ દિવ્ય કાર્ય તો ચેતનાના ખુલ્લાપણાને આભારી હોય છે. વ્યક્તિગત ચેતના હવે વૈશ્વિક ચેતના સાથે એકરૂપતા સાધે છે. આ અગાધ ખુલ્લાપણું અને નિજાનંદ ખરેખર તો સમર્પણના પ્રત્યુતર તરીકે સાધકમાં ઉતરી આવે છે. પ્રભુ કૃપાનું ઝરણું અસ્ખલિત સાધકમાં વહેતું હોય છે. દિવ્ય શક્તિઓના ક્રિયા કલાપો જીવનમાં બધી ઘટનાઓ નિર્માણ કરતા હોય છે અને એક દિવ્ય સંકલ્પની આવિર્ભાવરૂપી મણકાની માળા જેવા લાગે છે. દરેક સ્થિતિ, ઘટના અને પરિણામમાં એક જ પ્રભુનો સ્પર્શ અને અભય હસ્ત લાગે છે. બધું જ સંવાદમય, હળવુંફૂલ, તેજોમય, આનંદિત બની જાય છે. પ્રકૃતિ જાણે સોળ કળાએ ખીલી ઉઠે છે, પ્રભુને અનંતરૂપે પ્રગટ કરવાને ! પ્રભુ સાથેના એક જ સંબંધને જ સાધક ધ્યાનમાં રાખીને જીવન જીવવા માંડે છે. સંબંધોની અગ્રતાક્રમ જેવું કાંઈ નથી કારણ કે સાધકને માટે એકમેવ પ્રભુનો આધાર હોય છે. અનેક સંબંધોની વણઝાર જાણે કે એક જ માં સમાઈ જાય છે. તે એક સંવાદમય દિવ્ય નિસ્ફિકરતામાં જીવતો થાય છે. પ્રભુનો હાથ અને સ્પર્શ સારાય બ્રહ્માંડમાં અનુભવે છે.

સાધક જાણ છે કે બુદ્ધિની સીમા રેખાઓ ક્યારનીય ભાંગી પડી છે. તે સમજે છે કે પ્રભુ સાથેનો સંપર્ક હમેશાં જોડાયેલો રહે તો જ આ દિવ્ય સ્થિતિઓ

કાયમી સ્વરૂપે રહી શકે છે. તેથી જ તે પોતાની બુદ્ધિને માત્ર એક કરણ જાણીને તેને પણ પ્રભુના કાર્યમાં જોતરે છે. જો બુદ્ધિ પોતાની રીતે જ નિણર્યો લ્યે તો તે નિમ્ન પ્રકૃતિને વશ થઈને સારાય સ્વરૂપમાં અરાજકતા ફેલાવી દે છે. તેથી જ સાધક જાગૃત રહીને પ્રભુના સંકલ્પને વધારે ને વધારે સંમતિ આપતો જાય છે અને પોતાની પ્રકૃતિનું પણ રૂપાંતર થતું અનુભવે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે જ્યારે મન શાંત હોય છે ત્યારે જ એક પૂર્ણ નિરવતામાં સત્યને સાધક સાંભળી શકે છે. સાધક હવે કરણોને ચૈત્યપુરુષ દ્વારા દિવ્ય શક્તિઓને અર્પણ કરતો થાય છે. અને દિવ્ય સત્યના પ્રભાવ હેઠળ કરણો પણ દિવ્ય બનતા જાય છે. પ્રભુના દિવ્ય સંકલ્પમાં ચૈત્યપુરુષની સાથે સાથે મન, પ્રાણ અને શરીર પણ સંવાદમય અને દિવ્ય રીતે જોડાય છે. સાધક વિભક્તમાંથી સાચે જ ''ભક્ત'' બને.

તેથી જ શ્રી મા જણાવે છે કે દિવ્ય સંકલ્પરૂપી બની રહેવું એ જ પૂર્ણતા છે.....

To know is good, to live is better, to *be* that is perfect.

(અનુ.પૃ.૫૦ ઉપરથી) **પ્રાસંગિક**

અનુભવતો નથી. પરંતુ ત્રણેય એક જ છે એમ અનુભવે છે. એટલે કે જીવ, જગન્નાથ અલગ અસ્તિત્વરૂપે નહીં પરંતુ પરમ બ્રહ્મરૂપે છે.

આ અનુભૂતિ દ્વારા સાધક (જીવ) જગત મિથ્યા અને બ્રહ્મ સત્યની માન્યતામાંથી મુક્ત થાય છે. સાધક (જીવ) અનુભવે છે કે જગત અને બ્રહ્મ બન્ને સત્ય છે. બન્ને વચ્ચે દ્વન્દ્વ નથી. પરંતુ બન્ને એકરૂપે સત્યરૂપે અસ્તિત્વ ધરાવે છે. આ સત્ય અનુભવ્યા પછી સાધક (જીવ) આ જગતમાં અસ્તિત્વ ધરાવતી તમામ વસ્તુઓ તે પછી જડ હોય કે ચેતનવંતી તેમાં બ્રહ્મની જ હાજરી અનુભવે છે.

આપણા સૌ સાધકોની કરુણામયી માને પ્રાર્થના કે આપણે સાધનને સાધ્ય ન સમજી લઈએ. તે માટે કરુણામયી માને જ્ઞાન, પ્રકાશ અને શક્તિ આપે, જે દ્વારા આપણે પણ પરમ બ્રહ્મમાં ઓગળી જઈએ.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

# દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : અનેક લોકો માને છે કે ભારતનું સામુહિક વ્યક્તિત્વ જ નથી.

શ્રી અરવન્દ : તે પુરાતન કાળથી નિશ્ચિત થએલ હોવાથી અને તે વિવિધતાપૂર્ણ હોવાથી ન હોવાનો આભાસ થાય છે. પણ છે એ નિશ્ચિત. યુરોપમાં હવે સામૂહિક-સ્વરૂપો રચાવા લાગવાથી તે વધારે ધ્યાન ખેંચે છે. વળી તેમાં વિશાળતા કે વિવિધતા પણ ઓછા પ્રમાણમાં છે. તેથી તરત ધ્યાનમાં આવી જાય છે. ભારતનું સામુહિક વ્યક્તિત્વ ન હોત તો તે રાષ્ટ્ર તરીકે વિકાસ પામત જ નહીં.

શિષ્ય : ભારતનો પ્રદેશવાદ શું તે સામુહિક વ્યક્તિત્વનાં જ પાસા જેવા છે ?

શ્રી અરવિન્દ : હા, તેમની થોડી સામ્યતા ધ્યાનમાં નથી આવતી એટલું જ. પણ રાષ્ટ્રીય સંકટમાં જે એકતા તરત પ્રગટ થાય છે તે જ દર્શાવે છે કે ક્યાંક લગાવ જરૂર છે, જે રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે.

શિષ્ય : બીજા ગ્રહના લોકોના હુમલાને પૃથ્વી ઉપરનાં બધા લોકો એકત્ર થઈ સામનો કરશે, તેથી શું સમગ્ર પૃથ્વીની પણ સામૂહિક ચેતના અને વ્યક્તિત્વ છે ?

શ્રી અરવિન્દ : તે એકતાની પ્રાણમય રીતે છે. વિવિધ રાષ્ટ્રના યુરોપિયનો પણ એશિયાઈ અને આફ્રિકન માનવ માટે સમાન વલણ દર્શાવે છે તેના જેવી તે વાત છે.

શિષ્ય : પ્લેટો કહે છે દરેક રૂપનો આધાર એક સંકલ્પ કે વિચાર હોય છે. તે સંકલ્પ કાયમી સ્વરૂપનો છે. વ્યક્તિઓ બદલાય છે.

શ્રી અરવિન્દ : પણ વિચાર કયાં રહે છે?

શિષ્ય : પ્લેટોના મગજમાં (હસાહસ)..... મને લાગે છે પ્લેટો સર્જનાત્મક વિચારોની વાત કરે છે જેને વેદો 'ઋતમ્' કહે છે.

શ્રી અરવિન્દ : તો તે એક શક્યતા છે કોઈપણ ભૌતિક વસ્તુ નિર્માણ થાય તે પહેલાં વૈશ્વિક મનમાં એક 'સંકલ્પ' તરીકે બંધાય છે જે નીચે અવતરણ પામ્યા બાદ ભૌતિકરૂપ સર્જવામાં મુખ્ય ભાગ ભજવે છે.

શિય : બૌદ્ધો અરૂપ અને રૂપ દેવો માને છે. તે શુંછે?

શ્રી અરવિન્દ : રૂપ અને અરૂપનો અર્થ શું?

શિષ્ય : રૂપ ધારણ કરેલાં અને રૂપ ધારણ ન કરેલાં. અરૂપનો અર્થ માનવ જેવું રૂપ જેમણે ધારણ કરેલ નથી તેવા, એવો પણ અર્થ થાય છે.

બીજો શિષ્ય : કદાચ દેવોની કક્ષાએ નિશ્ચિત રૂપ નહી હોય, તે સંકલ્પાનુસાર બદલી શકાતું હશે.

શ્રી અરવિન્દ : પણ દેવ અને બીજા દેવ વચ્ચે કાંઈક તો તફાવત હશે જ ને ? કદાચ એવો અર્થ હોય કે દેવોનું શક્તિ સ્વરૂપ એ તેનું અરૂપ પાસુ છે અને તેનું વ્યક્તિ-સ્વરૂપ એ રૂપ પાસુ હોય.

શિષ્ય : તેઓ કહે છે કે બધી ભાવવાચક વસ્તુઓ અરૂપ લોકની હોય છે.

શ્રી અરવિન્દ : મનોમય કક્ષાએ જે ભાવવાચક વસ્તુ લાગે છે તેમની પાછળ આંદોલનોની વાસ્તવિકતા હોય છે જે શક્તિએ નિર્માણ કરેલું હોય છે. દા.ત. સૌંદર્ય. આ મૂળસત્યનું પાસુ છે અને તેની પોતાની શક્તિ પણ છે જેમ સત્ શક્તિ છે, ચિત્ શક્તિ છે તેવી રીતે. ભગવાન કરતા નક્કર કોઈ વસ્તુ હોઈ જ ન શકે. તેથી તે ભાવવાચક મનને લાગે છે. તે મનની અક્ષમતા છે. તે વસ્તુની નહી.

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો
# બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ, પ્રજાપતિ

પ્રકરણ - ૧૨

આમ પ્રજાપતિ અને બ્રહ્મણસ્પતિ વચ્ચે સૂક્ષ્મ તફાવત છે બ્રહ્મસ્પતિ વિવિધ ચેતનાઓને એક ચેતનામાં બાંધે છે. તે કાર્ય જગતની ઉત્પત્તિ પછીનું છે. પહેલાનું નથી. છતાં કાલાંતરે આ બે દેવો એકરૂપ ગણાયા અને બન્ને કાર્યો જાણે બ્રહ્માને સોંપાયા. બન્નેની એકરૂપતા સધાઈ. પ્રજાપતિ બ્રહ્મા (આ.ગૃહ્ય.૩.૪)

બ્રહ્માને ઘણી વખત વિશ્વકર્મા તરીકે પણ પૂજાય છે. વિશ્વકર્મા સર્વસ્ય કર્તા (નિ.૧૦.૨૫) તેમને પ્રજાપતિ સાથે એકરૂપ ગણેલ છે. પ્રજાપતિ વૈ વિશ્વકર્મા (શત.બ્રા.૮-૨-૧-૧૦) વિશ્વકર્મામાંથી જ સૃષ્ટિ જન્મે છે, ટકે છે અને લય પામે છે એમ જણાવેલ છે.

ધાતા - એટલે ધારણ કરનાર. જ્યારે પ્રકાશને આપણા સર્વે અંગો ધારણ કરે છે ત્યારે તેમને ધાતા, ધારણ કરવા વાળા કહે છે તેની જ પરિણામ અવસ્થા એટલે ધાતુ જેમણે કાયમ માટે પ્રકાશને આત્મસાત કરી રાખેલ છે. તે શરીરના સપ્તધાતુ. આ રીતે નિર્માણ થાય છે આ પ્રકાશધારણાની ક્ષમતા ધાતા જ અંતે પરમ ચેતનાને બધા પ્રાણીમાત્રના સ્વામીને પતિને પ્રાપ્ત કરાવનાર છે. તેથી વેદ કાળમાં માન્યતા હતી કે ધાતા મનપસંદ પતિ મેળવી આપે છે.

બ્રહ્માને ધાતા કહેવામાં આવે છે કારણ તેમણે પરમ ચેતનાના સંકલ્પ ને ધારણ કરી તે મુજબ જ સૃષ્ટિ રચે છે. ધાતા યથાપૂર્વમ્ અકલ્પયત્ (ઋ.) ધાતા અથવા વિધાતાને સમૃદ્ધિ આપનાર પણ ગણાવેલ છે. ધાત્રે વિધાત્રે સમૃદ્ધે ભૂતસ્ય પતયે

યજે (અર્થવ ૩-૧૦-૧૦) તે દિવ્ય સમૃદ્ધિ, દૈવિસંપત્ આપે છે. કારણ તેઓ ભગ, અર્યમા,વિવસ્વાન્‌ની જેવા જ મહાન પ્રકાશમય હોવાથી સમૃદ્ધિ આપનારાં છે (ભગશ્ચૈવાર્યમાંશશ્ચ ધાતા ચૈવ વિધાતા ચ વિવસ્વાંશ્ચ મહાદ્યુતિઃ (બૃ.૫.૧૪૭) તેઓ સત્યના જાણકાર છે. સત્યના જાણકારને 'કવિ' કહેતા કવિ કવીનામુપશ્રવસ્તમમ્ (ઋ ૨-૨૩-૧) તેઓ કવિઓનાં પણ કવિ છે. કારણ તેઓ પ્રજ્ઞાના દેવતા છે. તેથી તે દેવોના પુરોહિત છે. વાક્‌ને જ બૃહતી કહે છે. પોતાની વિશાળચેતના સાથેનાતાદાત્મ્યને ઉત્સ્ફૂર્ત આત્મકથન રૂપે પ્રકટ કરવું એ જ વાક્ છે. તેથી તેને બૃહતી-વિશાળ ચેતનાનો અનુભવ કહે છે. તેનો માલિક તેજ બૃહસ્પતિ. વિશાળ ચેતનાનું જ્ઞાન પ્રજ્ઞા આપે છે. તેથી બૃહસ્પતિ પ્રજ્ઞાવંત છે, વાક્ છે. વિશાલ ચેતનાને જ બ્ર કહે છે. તેથી બ્રહ્મ બૃહસ્પતિ છે. બ્રહ્મ વૈ દેવાનાં બૃહસ્પતિ (તૈતિ. સં.૨-૨-૯-૧) તેઓ તમસનો, અંધકારનો નાશ કરે છે અને પ્રકાશને લાવે છે, સમજણ પેદા કરે છે.

કૌષિતકી બ્રાહ્મણ બ્રહ્મને જ બ્રહ્મણસ્પતિ માને છે બ્રહ્મ વૈ બ્રહ્મણસ્પતિઃ કૌષી. બ્રા. (૮-૫-૯-૫) બ્રહ્મ શબ્દ જ મંત્ર છે. બ્રહ્મ વૈ મંત્રઃ (શત. બ્રા. ૭-૧-૧-૫) બ્રહ્મણસ્પતિ એ સામુહિક ચેતના છે. તે રાષ્ટ્રને બળવાન બનાવે છે. બ્રહ્મણસ્પતેઙ ભિરાષ્ટ્રાય વર્ધય (અર્થવ ૧-૨૯-૧)

બૃહસ્પતિને વાચસ્પતિ પણ કહે છે. વાક્ એટલે ઉત્સ્ફૂર્ત ઉદ્‌ગાર તે ચાર તબક્કાનાં હોય છે. સર્વાપિ પરાપશ્યંતી મધ્યમાવૈખરી રૂપ ચતુરવસ્થાપના (અર્થવ સાભા. ૭-૪૪-૧) અર્થાત્ પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એ ચાર તબક્કામાંથી વાક્ - વિકાસ પામે છે. તે પૈકી મધ્યમા એ સરસ્વતી વાક્ છે સરસ્વતી - માધ્યમિકા વાક્ (નિ ૧૧-૨૭) તે બૃહસ્પતિની વાક છે. ઋગ્વેદ બૃહસ્પતિની વાક્ એટલે પ્રથમ વાક્ છે એમ જણાવે છે. બૃહસ્પતિ પ્રથમં વાચો અગ્ર યત્પ્રૈરત નામધેયં દધાનાઃ (ઋ ૧૦-૭૧-૧) અર્થાત્ પરાવાણી એ જ પ્રથમ પ્રેરણા આપીને વસ્તુઓના નામ આપે છે.

વાક્‌ને કારણે સુંદર મન બને છે. તેના રૂપી ગૌશાળામાં જાણે સુંદર પ્રકાશમય

ગાયો રૂપી વિચારો જન્મે છે. તે સુંદર વિચારો રૂપી ગાયોને સુંદર ભાવો અને કર્મોરૂપી સુંદર વાછડાં થાય. હે વાચસ્પતિ તમને હુ વર્ચસ્ અર્થાત્ તદ્રુપતા રૂપ નિયંત્રણથી ધારણ કરું છું. જેથી મારું આયુષ્ય વધે. મારા પ્રાણ સાથે હું મિત્રતા બાંધું. વાચસ્પતે મનશ્ચ ગોષ્ઠે નો ગા જનય યોનિષુ પ્રજાઃ। ઈહૈવ પ્રાણઃ સખ્યેનો અસ્તુ તં ત્વા પરમેષ્ઠિન્ પર્યેહમાયુષા વર્ચસા દદામિ (અર્થવ ૧૩-૧-૧૯)

પ્રજાપતિએ જ વિવિધતા રચી છે. તેણે જ જગતરૂપી યજ્ઞની શરૂઆત કરી છે. પ્રજાપતિ ર્હ વા એતેનાગ્રે યજ્ઞેનેજે (શત. બ્રા. ૨-૪-૪-૧) સાયણ પ્રજાપતિને જ બ્રહ્મા ગણે છે બ્રહ્માણં એષાં સ્રષ્ટારં પ્રજાપતિમ્ તેમણે જ જગતની રચના વખતે દેવોને સર્જ્યાં. પ્રજાપતિને 'વૃષા'કહે છે. દા.ત. વૃષણ રેત નિર્માણ કરનાર અવયવને વૃષણ કહે છે.

પ્રજાપતિને જ વિશ્વકર્મા કહે છે પ્રજાપતિ વૈ વિશ્વકર્મા. (શત.બ્રા.૮-૨-૧-૧૦) વૈશ્વિક જીવન યજ્ઞ દ્વારા પરમ ચેતનાનો આવિર્ભાવ એ તેમનું મુખ્ય કાર્ય છે.

---

(અનુ.પૃ.૨૭ ઉપરથી)

## વેદ-રહસ્ય

એલ્યુસિસની ગૂઢ દીક્ષાઓનાં રહસ્યો કરતાં વૈદિક સત્યો વધારે વિશાળ, સાચા અને ઉત્સાહપ્રેરક હોવાથી તે તેમનાથી ઉતરતા તો નથી જ.

વેદોમાં 'એકં સદ્ વિપ્રાઃ બહુધા વદંતિ' આ નિશ્ચિત ધારણાથી એક જ પરમ ચેતનાનાં દેવો વિવિધ આવિર્ભાવો માત્ર છે એ નિષ્ઠા નિશ્ચિત થઈ ગઈ હતી. નામફેરથી તત્ત્વફેર થતો નથી એ નિશ્ચિત. વૈદિક ઋષિ જણાવે છે કે (૫-૬૨-૧) તે દેહધારી દેવોના પણ પરમ દેવને તે એક જ સત્‌ને મેં અનુભવ્યું છે. પણ આ ઋષિ આગળ જણાવે છે કે તે સત્‌ની પાસે તમે જાઓ તો તે તરત અલોપ થઈ જાય છે. આમાં દોષ સત્‌નો નથી પણ આપણી પ્રકૃતિનો છે, જે અશુદ્ધ હોવાથી સત્ પ્રત્યે પૂરેપૂરી અસંવેદનશીલ હોય છે; તેથી તે પ્રકૃતિ તે તબક્કામાં સત્‌નો સંપર્ક ગુમાવી બેસે છે અને સાધકને સત્ અલોપ થતું લાગે છે. (ક્રમશઃ)

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# ઇન્દ્રિયોના કાર્યમાં ફેરફાર

પ્રકરણ - ૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(1) I am constantly faced with this problem, which is quite a concrete and material one when you deal with cells which must remain cells and not dissolve into non-physical reality, while at the same time having a flexibility, a lack of regidity, to enable them to expand indefinitely. - 1962-121

(2) This body is no longer as usual... It's a sort of aggragete, a concentration of vibrations. - 1962-251

(3) Food, taste, smell, vision, sound (all sensations except pain) are all completely changed. They belong to another rhythm. i.e. the organs function differently - It is the organs themselves or only their functioning which have changed ? I don't know. - 1962-185

જેમ જેમ એકથી એક વધારે સૂક્ષ્મ અને વિશાલ કોષમાં માતાજી જાગૃત થતા જાય છે. તેમ તેમ શરીરની ઘનતા, નક્કરતા, કઠોરતાની ભાવના લોપ પામે છે તેને બદલે શરીર એટલે સતત સ્પંદન પામતો દિવ્ય - પ્રકાશ જે શરીરાકૃતિમાં તો થોડો વધારે ઘનીભૂત લાગે છે પણ શરીરની બહાર સૌમ્ય, તરલ, સૂક્ષ્મ અને

સંવાદમય લાગે છે.

શરીર બહારના અને શરીરની અંદરના પ્રકાશમાં મૂળભૂત તફાવત નથી પણ ઘનીભૂતતાનું પ્રમાણ વત્તાઓછા અંશે દેખાય છે. શરીરના કોષો પણ આ જ રીતે અનુભવે છે તે પ્રકાશમય સ્ફૂલિંગો (તણખા) જેવા.... તારકો જેવા લાગે છે આજનું વિજ્ઞાન અને Gluon કહે છે. તે સતત ફૂલતા અને સંકુચિત થતા વિસ્તરતાં અને આકુંચન પામતા લાગે છે. (આજનું વિજ્ઞાન આને 'કયાર્ક' કહે છે) તેમની ગતિ ખૂબજ લયબદ્ધ હોય છે. તેમનો આકાર કાયમ રહે છે. સરણ વખતે એકાગ્રતા ખૂબજ તીવ્ર, ગાઢ અને ભેદક વધારે પ્રકાશમય અનુભવાય છે જ્યારે આકુંચન વખતે તે સૌમ્ય અને ધીમી બની જાય છે.

શરીરનાં સ્વાદ, દર્શન, ગંધ અને શ્રવણના સંવેદનો પણ (દર્દ સિવાયના) જુદા જ પ્રકારનાં લાગે છે. તેઓ જુદી જુદી ઇન્દ્રિયોનાં જુદા જુદા સંવેદનો તરીકે નથી અનુભવાતા પણ ચેતનાના સ્પંદનના જુદાં જુદાં પ્રકાર તરીકે અનુભવાય છે. સ્પંદન એ બધા જ સંવેદનોનો મૂળ આધાર છે. તેથી ઇન્દ્રિયો વચ્ચેનો તફાવત પણ હવે તદ્દન અલગ લાગતો નથી પણ સ્પંદન સંખ્યાનો તફાવત જણાય છે. જેમ રંગોની ભિન્નતા એ પ્રકાશના સ્પંદનસંખ્યાની ભિન્નતાનું પરિણામ છે. તેમજ આ છે.

આ બદલ ઇન્દ્રિયોના સ્વરૂપમાં થયેલ છે કે તેમની કાર્યપદ્ધતિમાં એ વિષે માતાજી હજી નિશ્ચિયાત્મક કંઈ કહી શકતા નથી.

આ બદલ ઇન્દ્રિયોને પણ શરીરની જેમ વિવિધ સ્તરો છે અને શરીરનું સ્તર બદલાતા જ ઇન્દ્રિયનું સ્વરૂપ અને કાર્યપદ્ધતિ પણ બદલાઈ જાય છે એવું લાગે છે. શરીરની ચેતનાનું સ્તર બદલાતા જ ઇન્દ્રિયોની ચેતનાનું પણ સ્તર પોતાની મેળે બદલાતું અનુભવાય છે. આનો અર્થ એ છે કે જ્યારે ચેતનાનું સ્તર બદલાય છે ત્યારે શરીરના જે તે સ્તરમાં જ ચેતના સર્વાંગી સ્વરૂપે સભાન બને છે. શરીરના અમુક ભાગમાં સભાન અને અમુક ભાગમાં અભાન એમ ખંડિત અથવા વિભાજીત સ્તર નથી પણ સંપૂર્ણ શરીર બાબતની સર્વાંગી સર્વગ્રાહી સભાનતા પ્રકટ થાય છે.

ઇન્દ્રિયોની આ સ્તર બદલવાની પદ્ધતિને કારણે ઇન્દ્રિયોના વિષયોના પણ સ્તર બદલાય છે. ઇન્દ્રિય સૂક્ષ્મ સ્તરે જાગૃત થાય તો તે સૂક્ષ્મ સ્તરના વિષયો જાણી શકે છે. આ પ્રકારે ઇન્દ્રિયોની ક્ષમતાનો પ્રદેશ વિસ્તરતો લાગે છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## મુશ્કેલીઓ અને પ્રગતિ

પ્રકરણ - ૧૨ (પૃ. ૩૨-૪૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧૩ હાલમાં સતત ભૂતકાળના સંસ્મરણો બહાર ઉભરાઈને આવતાં હું અનુભવું છું તેનું કારણ શું ?**

તે અવચેતનમાંથી ઉભરાઈને જાગૃતમનમાં શુદ્ધિકરણ કરાવવા આવતા હોય છે. આ શુદ્ધિકરણની સર્વસાધારણ પ્રક્રિયા છે.

**૧૪ આ પ્રક્રિયા દરમિયાન માટે શું કરવું ?**

તેમાં તમે રસ લેતા ન થાઓ તેની કાળજી લો. તેમને ફરી અવચેતનમાં ધકેલી દેવાનો પણ પ્રયત્ન ન કરો. તેને પૂર્ણ પ્રગટ થઈ નષ્ટ થવા દો પછી તેને વિશ્વપ્રકૃતિમાં બહાર ફેંકી દો. તે તમારા માટે તદ્દન નિરૂપયોગી છે. એવી સમજણ કેળવો. ભૂતકાળનાં સંસ્મરણો યાંત્રિક પ્રક્રિયાઓ માત્ર છે એ સમજી લો.

**૧૫ મુશ્કેલીઓ અને અવસાદ નિર્માણ કરતું સંકુચિત અને અવિકસિત મનની નબળાઈ દૂર કરવાનો સર્વોત્તમ ઉપાય ક્યો ?**

ચૈત્યપુરુષને આગળ લઈ આવવો આ બધી જ નબળાઈઓ અને વિકાસમાંની મુશ્કેલીઓને નષ્ટ કરવાનો એક માત્ર ઉત્તમ ઈલાજ છે. મનની સંકુચિતતા એ પ્રાણમય ચેતના અને શારીરિક ચેતનાનાં અસંતોષને કારણે, સ્વાર્થને કારણે રચાય છે. આ બધી અજ્ઞાનની ક્રિયાઓ છે. તે જ તમસ નિર્માણ કરે છે.

**૧૬ સમગ્ર સ્વરૂપમાંના 'તમસ'ને અને જડતાને એક જ ઝાપટે દૂર કરવાનો**

**સર્વોત્તમ ઉપાયકયો ?**

પ્રભુની શક્તિને તે કાર્ય કરવા બોલાવવી એ જ એકમાત્ર ઉપાય છે કારણ પ્રભુની શક્તિ જ સર્વજયી છે.

**૧૭ મને મારું શરીર જડ અને સંવેદનવિહીન લાગે છે તેનું કારણ શું ?**

શરીરને ચેતનવંતુ કરનાર પ્રાણતત્વ છે જો તમારા શારીરિક સ્વરૂપમાં અને પ્રાણમય સ્વરૂપમાં તાળમેળ ન હોય તો પણ આવા સંવેદનો જાગે છે. ઘણી વખત પ્રાણમય સ્વરૂપ પોતે તમોગ્રસ્ત હોય તો પણ આવું લાગે છે. તેને પ્રકાશમય કરવાથી તે ચેતનવંતુ બને છે પછી આવા ચેતનવંતા પ્રાણમય સ્વરૂપ સાથે તમારા શારીરિક સ્વરૂપને તાળમેળમાં ગોઠવશો તો તેમાં જડતા કે સંવેદનહીનતા નહિ જણાય.

**૧૮ પ્રાણમય સ્વરૂપ પ્રકાશમય છે, આલોકિત છે એમ ક્યારે કહી શકાય ?**

પ્રાણમય સ્વરૂપે બે પ્રકારની સિદ્ધિ તે માટે મેળવવાની હોય છે. એક, સર્વ નિમ્નગતિઓનો પોતામાંથી પરિત્યાગ. બીજું, ઊર્ધ્વમાંના પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણું અને તેનો સ્વીકાર અને તેને ધારણ કરી રાખવો આને કારણે તે પ્રભુના સંકલ્પનાં ઊર્ધ્વમાંથી આવતા આંદોલનોને ઝીલી તેની સમજ મેળવી શકશે. આને જ કહેવાય છે આલોકિત, પ્રકાશમય પ્રાણમય સ્વરૂપ.

**૧૯ 'સાચી પ્રાણમય ગતિ' એ શું છે ?**

જે પ્રાણમય ગતિ પ્રભુના સંકલ્પના આંદોલનોમાંથી નિર્માણ થતી હોય છે તેને સાચી પ્રાણમય ગતિ કહે છે તે ભવ્ય અને સુંદર હોય છે. તેમાં કામના, સ્વાર્થ, વિકારો માલકીભાવ વગેરે દોષો ભળેલા હોતા નથી.

**૨૦ બીજાઓ સાથેના સંબંધોમાં અનુભવાતી મુશ્કેલીઓ નિવારવાનો ઉપાય શો ?**

એકબીજાની અહંકારજન્ય સમજણોમાંનો સંઘર્ષ એકબીજા સાથેના સંબંધોમાં તાણ નિર્માણ કરે છે. તેને નિવારવાનો ઉપાય છે ફક્ત પ્રભુ

માટે કાર્ય કરો. આપસી સમજણોમાં સમન્વય રચી તે કાર્યમાં તે વાપરો, જેથી બન્નેનો સહકાર તેમાં મળે.

**૨૧ ઊર્ધ્વચેતના પ્રત્યેના આરોહણ દરમિયાન આસપાસની વસ્તુઓનું ખેંચાણ નીચે ખેંચી લાવે તેને અટકાવવાનો ઉપાય શો ?**

ઊર્ધ્વ દિશામાંની એકાગ્રતા અને આસપાસની વસ્તુઓ બાબતની નિર્લેપતા આ બે વસ્તુઓનો સામટો પ્રયોગ તમને નિમ્ન ખેંચાણોમાંથી મુક્ત રાખશે.

**૨૨ અન્ય વ્યક્તિઓ બાબતના આપણા સારા-નરસા વિચારો તે વ્યક્તિ ઉપર પરિણામ કરે છે ?**

હા, દરેક વિચાર પોતાનું ઘડતર રચે છે. તેમાં વિચાર નિર્માતાની આવેગરૂપ ભાવાત્મક પ્રાણમય શક્તિ પૂરાએલી હોવાથી તે ઘડતર જીવંત બની જે તે વ્યક્તિ તરફ ખેંચાઈ જાય છે. તેના સ્વરૂપમાં પ્રવેશી તે આવેગરૂપ પ્રાણશક્તિ તેને અપાય કે મદદ કરવાનો પ્રયત્ન કરે છે અને પોતાની અસર નિર્માણ કરે છે. આ રીતે એક વ્યક્તિમાં પ્રવેશી શકે છે. સમગ્ર જગતમાં આવી અનંત પ્રક્રિયાઓ અહર્નિશ ચાલતી જ હોય છે. (જગતનો પ્રત્યેક અણુરેણુ અને રચના વિવિધપ્રકારની વેબસાઈટથી જોડાએલી હોય છે જેને 'નાડીતંત્ર' કહેવાય છે. દરેક તત્વનું પોતાનું નાડીતંત્ર હોય છે અને તે જે તે વસ્તુમાંના પોતાના તત્વના પાસા સાથે જોડએલું હોય છે. ચેતનાના આંદોલનો આ નાડીતંત્રના સહારે જ ગતિ કરતા હોય છે.)

**૨૩ આપણે શું જાણી શકીએ કે પોતામાં ઉદ્ભલેવી કામના વગેરે અન્યોના ચેપને લીધે ઉદ્ભવેલી છે ?**

હા, જો તમારામાં પૂરતા પ્રમાણમાં સભાનતા હોય તો ચેપ લાગતાં પહેલા જ તમારા આભાચક્રમાં પ્રવેશતા જ એ અસ્વસ્થતાના આંદોલનો નિર્માણ કરે છે. તે વખતે જ તેમને તમે બહાર ફેંકી દઈ શકો છો. જો ન કરી શકો તો તમને ચેપ લાગી જાય છે અને તે આંદોલનો સંબંધિત વિકાર રચે છે.

# અવર્ણનીય પ્રભુ (૭૭-૭૮)

પ્રકરણ - ૪૯
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૬૫-૧૭૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) પ્રભુ તો અનંત શક્યતાઓ છે. એટલે સત્ય કઈ એક જ સ્થિતિમાં રહેતું નથી. અટલે ભૂલનાં જે બાળકો છે તે પણ સાચાં ઠરે છે. (૭૭)**

**(૨) કેટલાક ભક્તિભાવી લોકોને સાંભળીએ છીએ ત્યારે એમ લાગે છે કે પ્રભુ કદી હસતા જ નથી. હાઈનને જ્યારે પ્રભુની અંદર વ્યિ એરિસ્ટોફેનિસનાં દર્શન થયાં ત્યારે તે સત્યની વધુ નજીક હતો. (૭૮)**

* * * *

એક વસ્તુ વ્યવહારમાં એક પ્રસંગે સાચી હોય છે જ્યારે અન્ય પ્રસંગે ખોટી. તે જ રીતે ખોટું પણ કોઈ પ્રસંગે સાચું ઠરે છે. વ્યવહારમા સત્ય બદલાતું દેખાય છે.

બાળક : માતાજી એનો અર્થ એ કે કાયમી ભૂલ જેવી વસ્તુ જ નથી.

માતાજી : હા આ બધી કહેવાની રીતો છે. વાસ્તવિકતા નહિ કારણ ભૂલનો વિચાર કાળ સાથે જોડાએલો છે. કાળ બદલાય તો ભૂલ પણ સત્ય બને અને સત્ય પણ ભૂલ બની જાય.

પ્રભુની દૃષ્ટિ આથી જુદી હોય છે. શ્રી અરવિન્દ તે માટે દાખલો આપે છે. હાઈન એક જર્મન કવિ હતો (૧૭૯૭-૧૮૫૬) અને એરિસ્ટોફેનિસ એક પ્રાચીન ગ્રીક નાટકકાર જે ગ્રામ્ય અને સ્થૂળ કોમેડી નાટકો લખતો તેના કાળમાં તેને બહુ મહત્વ નહોતું પણ આ જર્મન કવિને તેમાં પણ અદ્‌ભુત કાવ્યમયતા લાગી. કાળ બદલાતા મૂલ્યો બદલાયા.

તમે કલ્પના કરો કે તમે ભગવાન છો. બધું તમારામાં શાશ્વત રીતે એક વખતે છે અર્થાત ત્યાં ભૂત ભવિષ્ય નથી પણ તમે તેમાંની અમુક વસ્તુઓ ક્રમશઃ પ્રગટ કરવા લાગો છો. તેમાં તમને આનંદ આવે છે. બીજી વખતે આનંદ ખાતર ક્રમ બદલો છો. હવે બહારથી જોનારો જેણે પ્રથમ ક્રમ જોએલો તે કહે છે આ વખતે ભગવાને ભૂલ કરી. તણે ખોટા ક્રમે વસ્તુઓ પ્રગટ કરી. શું તમે ભગવાન તરીકે ભૂલ કરેલી ? ના, પેલો માણસ ભૂતકાળના સંદર્ભમાં જ નવા ક્રમને ભૂલ કહે છે.

સ્થળ અને કાળના ખ્યાલો આવા ભૂલના ખ્યાલોને રચે છે. તેમાંથી મૂક્ત થવું જરૂરી છે.

આ બધા સૂત્ર ત્યારે લખાએલાં છે જ્યારે ઊર્ધ્વ મન અચાનક અતિમનસ પ્રત્યે ખૂલ્લું થાય છે. ત્યારે અમુક ક્ષણ મનને અતિમનસ અને આ જગત બન્નેનો સાથે અનુભવ આવતો હોવાથી તેને વિરોધાભાસ જણાય છે.

પ્રભુ પોતે પોતાના આનંદ ખાતર એક કોમેડી નાટક ભજવી રહ્યો છે. તેને ગંભીરતાથી લેવાનું નથી. ફક્ત માણવાનું છે.

બાળક : પણ માતાજી કેટલાકને તે દુઃખાંત નાટક ટ્રેજેડી લાગે છે.

માતાજી : દૃષ્ટિકોણ જ તેને ટ્રેજેડી બનાવે છે. તમે જોશો કે પ્રાણીઓ જીવનને ટ્રેજેડી ગણતા જ નથી. અર્થાત આ માણસો સાથે રહેતા પ્રાણીઓની વાત નથી. તેઓ માનવ અને પ્રાણીની વચ્ચેની સંક્રાંત અવસ્થામાં જીવવા માંડે છે. પ્રસંગ પૂરતું જ દુઃખ એ પ્રાણીઓનો સ્વભાવ છે. તેઓ તરત દુઃખને ભૂલી ફરી સહજ જીવન જીવવા માંડે છે. દુઃખને મનમાં મમળાવતા નથી. માનવો મમળાવીને હાથે કરીને દુઃખી થતાં હોય છે. મૃત્યુની બાબત તેવી જ છે. સૂક્ષ્મલોકમાં મરેલાં અને જીવતા આનંદથી સાથે જીવતા હોય છે. ત્યાં તફાવત નથી પણ આ ભૌતિક જગતમાં તો મરણ એટલે સર્વનાશ, અસ્તિત્વ શૂન્યતા એવો જ અર્થ લેવામાં આવે છે.

ભગવાનના આ નાટકમાંના બધા પાત્રોને તે જાણે છે. તેમના જીવનની ઘટનાઓ અને સંવાદો પણ જાણે છે. આપણે તે નાટકના એક પાત્ર છીએ. આપણને આપણું શું પાત્ર છે તે પણ ખબર નથી. સંવાદો ખબર નથી. નાટકનો અંત ખબર નથી. આ જીવન જીવવાની ખોટી રીત છે. આપણામાં સાચી રીતે જીવવાની ક્ષમતા મૂકેલી છે. પણ આપણે તે માટે પ્રયત્ન જ કરતાં નથી.

બાળક : પણ માતાજી તે સહેલું તો નથી ને ?

માતાજી : ના તે સહેલું નથી. પણ જો સહેલુ અને જાણીતું હોત તો પણ તે કરવામાં માનવને કંટાળો આવત. જીવન જો ફક્ત આનંદમય જ હોત તો આનંદની કિંમત જ ન રહેત.

પૃથ્વી ઉપર પહેલા પ્રાણીઓનું સ્વર્ગ હતું. છતાં માનવને વધુ જ્ઞાન મેળવવાની ઈચ્છા થઈ જ ને ? અને તેમાંથી પતન થયું એવી આખ્યાયિકા છે.

જગતમાં જે છે તે છે જ. આપણે પોતાના અધૂરા જ્ઞાનથી તેને ભૂલ ગણીએ છીએ. જગતમાં ખરેખર ભૂલ જેવું કાંઈ નથી જ. આપણી સંકુચિત ચેતનાને લીધે સ્થળ કાળ નિર્માણ થાય છે અને તેમાંથી ભૂલોની કલ્પના. ચેતનાને વિશાળ કરતાં જ સ્થળકાળથી પર જઈ શકાય છે. અને ભૂલોની કલ્પના. ચેતનાને વિશાળ કરતાં જ સ્થળકાળથી પર જઈ શકાય છે. અને ભૂલોથી પણ. એકરૂપ થવાથી ચેતનાની વિશાળતા આવે છે. આપણે ફક્ત શાંત અને નીરવ થવાની જરૂર છે. પછી પછી એક દ્વાર ખૂલે છે અને આપણે વિશાળ - ચેતનામાં પ્રવેશીએ છીએ. પછી પ્રભુ તેમના કાર્યમાં સહભાગી કરે છે. લોકો ગોઠવે છે. પ્રસંગો ગોઠવે છે. પરિણામો લાવે છે.

બાળક : પણ માતાજી પ્રભુને સમર્પિત થવાના પ્રયત્નમાં પેલી જૂની ચેતના જુના વિચારો ફરી ફરી ચડી આવે છે.

માતાજી : હા તે વખતે બધું ફરી ફરીવાર પ્રભુ સામે ધરતા જાઓ. કાલાંતરે તે ટેવો ભાંગી પડે છે. પણ પ્રભુને સમર્પિત રહેવાની જરૂર છે. આપણો અહંકાર પોતે જ બધી વસ્તુ પોતાના હાથમાં લઈ લેવા પ્રયત્ન કરતો હોય છે. તેમ થવા ન દેવું જોઈએ.

ઘણા લોકો કહે છે પ્રભુ તો સત્ય સ્વરૂપ છે. તેમને અસત્ય શું છે તે ખબર જ નથી. તેથી આપણે જ આપણામાંના અસત્યને શોધી હાંકી દેવું પડશે. આ પણ અહંકારની રમત જ છે.

બાળક : પ્રભુ બધે જ છે. સ્થૂળથી માંડી સૂક્ષ્મમાં બધે જ પણ આપણે બાહ્ય-ચેતનામાં રહેતા હોઈએ તો તમે કહો છો તેવા સંવેદનો જાગે છે.

બૌદ્ધિકો પ્રભુને વૈશ્વિક ચેતનાની પેલેપાર તદ્દન અંતિમ છેડે પ્રભુ છે એમ માને છે. તમને માટે પણ પ્રભુ ખૂબ જ દૂર છે એવો ભાવ જન્મે છે.

પ્રભુ બધું જ છે. હું પોતે પણ તે જ છું. થોડીક એકાગ્રતા તમને તેની નક્કરતાને અનુભવ કરાવશે તેમાં તેજોમયઆનંદ છે. ફક્ત અંતર્મુખ અને એકાગ્ર રહેતા શીખો. બધું પોતાની મેળે થશે. પ્રથમ ચેતનાની શાંતિ અનુભવાશે પછી વિશાળતા, પછી તેજોમયતા પછી આનંદ. પછી તો એકાગ્રતાના પ્રયત્ન વગર જ તમે તે બાબત સદા સભાન રહેતા શીખશો. આ સભાનતા, પ્રભુના સંનિધિનો અનુભવ સતત નિર્માણ થતાં આંદોલનોને કારણે હોય છે. તે વસ્તુમાત્રને વિંટળાઈને રહેલું છે. પ્રભુ વિજાતીય, અન્ય, ભિન્ન વસ્તુ નથી. તે આપણી અંદર બહાર સર્વત્ર છે. આ રીતે પ્રભુને અનુભવતા શીખો. ખોટા વિચારોના રવાડે ન ચડો.

તમને લાગે છે તમે તમને જોઈ રહ્યાં છો અને છતાં તમને કોઈ સાકાર વસ્તુ દેખાતી નથી. તમને કોઈ જોઈ રહ્યું છે. એવા પણ ભાવો જન્મે છે. પણ ત્યાં કોઈ આંખ દેખાતી નથી. તમને લાગે છે તમે મૂર્ખ છો અને પ્રભુ હસતા જણાય છે. તેમાં જ તમને આનંદ આવે છે. પ્રભુનું વર્ણન કરવું શક્ય નથી.

---

(પૃષ્ઠ ૧૨ ઉપરથી)

## માતૃવાણી

છે, પાસે માનશો તો પાસે છે. પ્રભુનો સંકલ્પ પોતાનો જ સાક્ષાત્કાર પોતાની જ અભિવ્યક્તિ દ્વારા કરવાનો છે, તેથી જે ઉત્તમ છે તે જ કરો ભલે તે મુશ્કેલ હોય. પૃ.૨૮૫

૩ **પ્રયત્ન :** તમે ગમે તે માર્ગ અનુસરો, તન્મયતાની ક્ષણ આવે નહિ ત્યાં સુધી પ્રયત્નની જરૂર છે અને તે પ્રયત્નમાં ધીરજ અને સમન્વય જરૂરી હોય છે. પ્રયત્ન સ્થિર નિર્ધાર પૂર્ણ દૃઢ અને શાંત હશે તો લક્ષ્ય જરૂર પ્રાપ્ત થશે. જે આજે શક્ય નથી, તે આવતી કાલે શક્ય થશે. પ્રગતિનો પ્રયત્ન ક્યારે પણ મિથ્યા જતો નથી. દરેકે પોતાના સાક્ષાત્કાર ભણી આગળ ચાલવાનું છે. પૃ.૨૮૬

## ''કરુણા''

પ્રકરણ - ૨૦

એક જંગલમાં એક ભાવુક હાથી રહેતો હતો. તેને દુઃખી લોકો ઉપર દયા તરત આવતી. તે જંગલમાં માનવ વસ્તી નહોતી. જંગલના પડખેથી જ રણ શરૂ થઈ જતું. રણ પણ વેરાન હતું.

એક દિવસ હાથીને જંગલની સીમ પર માનવોનો હ્રદયદ્રાવક અવાજ સંભળાયો. તેણે જઈને જોયું તો ભૂખ - તરસથી ત્રાસેલાં ચીંથરે હાલ માનવો રણમાંથી આવતા દેખાયા.

હાથીએ પૂછ્યું, ''ક્યાંથી આવો છો અને આવી હાલત શેનાથી થઈ.''

તેમાંથી એક બોલ્યો, ''રણના પેલેપારના રાજ્યના અમે બધાં ગુંડાઓ છીએ. રાજાએ અમને રણમાં હદપાર કરી દીધાં છે. અમને મદદ કરો.''

હાથીને કરુણા આવી. પણ આટલા બધાંનું ભોજન જંગલમાં મળવું શક્ય નહોતું. તેથી તેણે તેમના ભોજન માટે પોતાનો જીવત્યાગ કરવાનો નિર્ણય લીધો અને બોલ્યો, ''જુઓ સામે પહાડ દેખાય છે તેની તળેટીમાં તમને ઝરણા તથા તળાવ મળશે. તમે ત્યાં આરામ કરજો. તળાવ પાસેની ખીણમાં એક મરેલો હાથી મળશે તેનું ભોજન કરજો. તમે તરસ્યા છો તો આ પાસેના ઝરણામાંથીપાણી પી લો અને પછી આગળ પ્રવાસ કરજો.'' એમ કહી હાથી જંગલમાં ચાલ્યો ગયો.

ભૂખ્યા લોકોએ ઝરણાનું પાણી પી આગળનો પ્રવાસ શરૂ કર્યો.

હાથી બીજા માર્ગે પર્વત ઉપર ચડી ગયો અને આ લોકોના ભોજન માટે ખીણમાં પડતું મૂક્યું.

કેવી તો કરુણા.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## ''બ્રહ્મ''

બ્રહ્મ વિશે તત્વચિંતકો હંમેશા એક મત થતા નથી. કોઈ તત્વ ચિંતક બ્રહ્મને સાકાર અનુભવે છે. એટલે તે બ્રહ્મને સાકાર સંબોધે છે. બીજા કોઈ તત્વચિંતક બ્રહ્મને નિરાકાર અનુભવે છે તો તે બ્રહ્મને નિરાકાર બ્રહ્મને સંબોધે છે.

સાકાર અને નિરાકાર બ્રહ્મના સ્વરૂપને સમજાવતા શ્રી રામકૃષ્ણ પરમહંસ જણાવે છે કે પાણી એ નિરાકાર બ્રહ્મ સ્વરૂપ છે અને બરફ એ સાકાર બ્રહ્મ સ્વરૂપ છે. પાણી નિરાકાર રહેવાથી અને બરફ સાકાર થવાથી પાણીના મૂળ તત્વમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ઉદ્‌ભવાતો નથી. તે રીતે બ્રહ્મને સાકાર અનુભવવાથી કે પછી નિરાકાર અનુભવવાથી તેના મૂળ બ્રહ્મતત્વમાં કશો ફેરફાર અનુભવાતો નથી.

સાકાર અને નિરાકાર બ્રહ્મની અનુભૂતિનું કારણ સાધકની ઉપાસના પદ્ધતિ છે. જે આપણે શ્રીમદ્ ભગવદ ગીતા સમજાવે છે. જે સાધકની ઉપાસના પદ્ધતિ સગુણ ભક્તિની છે તે સાધકને બ્રહ્મ સાકાર અનુભવાય છે. જે સાધકની ઉપાસના પદ્ધતિ નિર્ગુણ ભક્તિની છે. તે સાધકને બ્રહ્મ નિરાકાર અનુભવાય છે.

સગુણ અને નિર્ગુણ બન્ને ભક્તિનો મૂળ હેતુ તો પરમ બ્રહ્મ સાથે એકરૂપ થવાનો હોય છે. સાધક ભક્તિ દ્વારા ભક્તમાં રૂપાંતર પામી પરમ બ્રહ્મ સાથે એકરૂપ થઈ જાય છે, ત્યારબાદ ભક્તનું અલગ અસ્તિત્વ રહેતું નથી. જે રીતે વર્ષાનું પાણી સમુદ્રમાં વરસે છે અને વરસ્યા પછી વર્ષાના પાણીનું અલગ અસ્તિત્વ નથી, પરંતુ વર્ષાનું પાણી સમુદ્રમય બની જાય છે. તે રીતે ભક્ત એકવાર પરમ બ્રહ્મની સાથે યુક્ત થઈ જાય છે, ત્યારબાદ ભક્તનું અલગ અસ્તિત્વ રહેતું નથી. ભક્તનું અલગ અસ્તિત્વ ન રહેવાથી સાધક અને પરમ બ્રહ્મએ દ્વન્દ્વમાંથી મુક્ત થઈ ફક્ત પરમ બ્રહ્મરૂપે અસ્તિત્વ ધરાવે છે.

ભક્ત પરમ બ્રહ્મમય બની જતો હોવાથી ભક્તનું અસ્તીત્વ આપોઆપ

ઓગળી જાય છે. ભક્તનું અસ્તિત્વ ઓગળી જવાથી ભક્તિ પણ આપોઆપ ઓગળી જાય છે. ભક્તિ ઓગળી જવાથી સગુણ ભક્તિ કે નિર્ગુણ ભક્તિનું પણ અસ્તિત્વ રહેતું નથી. પરંતુ પરમ ચિત્ શક્તિ જ અસ્તિત્વ ધરાવે છે.

સાકાર અથવા નિરાકારને બદલે ભક્તિનું અસ્તિત્વ ન રહેવાથી બ્રહ્મનું સાકાર સ્વરૂપ અને નિરાકાર સ્વરૂપ આપોઆપ પરમ બ્રહ્મરૂપે પ્રગટ થાય છે અને ફક્ત પરમ બ્રહ્મ જ અસ્તિત્વ ધરાવે છે.

પરમ બ્રહ્મના આ અસ્તિત્વને સમજવા માટે આપણને સમુદ્રનું અસ્તિત્વ મદદરૂપ થાય છે. સમુદ્રમાં જે મોજાઓ છે તે સમુનું સાકાર સ્વરૂપ છે. સમુદ્રની જે જળરાશી મોજાને આધાર આપે છે તે સમુદ્રનું નિરાકાર સ્વરૂપ છે. આપણે સમુદ્રને ફક્ત મોજા અથવા આધાર આપતા જળરાશી તરીકે અનુભવતા નથી. પરંતુ સમુદ્રને આપણે સમગ્રરૂપે અનુભવીએ છીએ. તેમાં મોજા તથા મોજાને આધાર આપતો જળરાશીનો સમાવેશ થાય છે.

પરમ બ્રહ્મ એટલે ફક્ત સાકાર અથવા નિરાકાર નહીં, પરંતુ બન્નેનો સમન્વય છે. ફક્ત સાકાર અથવા નિરાકાર બ્રહ્મની માન્યતામાં જીવશું તો પરમ બ્રહ્મની પ્રાપ્તિ થશે નહીં. પરમ બ્રહ્મની પ્રાપ્તિ એટલે સમન્વયરૂપે સાકાર અને નિરાકાર બન્ને રૂપે બ્રહ્મની પ્રાપ્તિ.

સાધક આ પરમ બ્રહ્મને પ્રાપ્ત કરી શકતો નથી. તેનું કારણ સાધક સાધ્યને સાધન સમજે છે તે છે આપણે ભોંયતળીયેથી પ્રથમ મજલે જવું હોય તો આપણે સીડીનો ઉપયોગ કરીએ છીએ. આપણું સાધ્ય પ્રથમ મજલો છે નહીં કે સીડી. સીડી સાધન છે સાધ્ય નહીં. જો આપણે સીડી કયા પદાર્થમાંથી બની તેનું પૃથકરણ કર્યા કરશું તો આપણે પ્રથમ મજલે પહોંચી શકશું નહીં. તે રીતે સાધકે સાધનાને આગત્યતા આપવાની છે સાધના પદ્ધતિને નહીં.

સાધક સાધના પદ્ધતિમાંથી મુક્ત થઈ પોતાના સાધ્ય પરમ બ્રહ્મને પામે છે, ત્યારે ગીતામાં સમજાવ્યા મુજબ સાધક જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય વચ્ચે ભેદ અનુભવતો નથી. એટલે કે સાધક જીવ, જગત અને જગન્નાથ ત્રણેય વચ્ચે ભેદ

(અનુ.પૃ.૩૩ ઉપર)

## પુરવણી : સહજ-સત્સંગ

**વિષય : સહજ સત્સંગનાં મુખપૃષ્ટ ૧ ઉપરના પ્રતિકો**

સહજ સત્સંગના મુખપષ્ટ -૧ ઉપર લીધેલ ચિત્રો અમે ઈન્ટરનેટ કે અન્ય પ્રાપ્ત સ્ત્રોતોમાંથી પ્રતિકાત્મક અભિવ્યક્તિ સ્વરૂપે જ લીધેલા હોઈ, તે દ્વારા અમે ફક્ત આપણી બહુમૂલી આર્ય પરંપરાના ઉચ્ચ આદર્શો, દર્શનો, જીવન-પદ્ધતિની ઝાંખી કરાવવા માંગીએ છીએ. તે પ્રતિકો અમે માસિકના કવરપેજ-૪ ઉપર જણાવેલી સમજૂતીના પ્રતિકરૂપે જ લીધેલાં હોય છે. તેમાં અમારો ઉદ્દેશ તે રૂઢી, કર્મકાંડ કે પ્રસંગ કે વ્યક્તિનું સમર્થન કરવા રજ માત્ર હોતો નથી, જેની નોંધ લેવા વિનંતિ.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સાહિત્ય, વિચારો અને યોગને જ સમર્થન આપવું એ જ અમારો એકમાત્ર સંનિષ્ઠ પ્રયાસ છે.

(પ્રકાશક/તંત્રી/સંપાદન સહાયક મંડળ)
**"સહજ-સત્સંગ"**

## નૂતન વર્ષાભિનંદન

સહજ સત્સંગ માસિકનાં સર્વે દાતાઓ, લેખકો, ગ્રાહકો, હિતેચ્છુઓ તથા શ્રી અરવિન્દના પૂર્ણયોગનાં સર્વે સાધક ભાઈ-બહેનોને સહજ-સત્સંગના પ્રકાશક, પ્રિન્ટર, તંત્રી અને સંપાદન મંડળના સર્વે સભ્યોનાં નૂતન વર્ષાભિનંદન. આપ સહુને નૂતનવર્ષ આધ્યાત્મિક અને સાંસરિક જીવનમાં પણ નિરામય પ્રગતિકારક, આનંદમય ઉત્સાહજનક બની રહે તેવી પરમ પ્રભુ ચરણે અભ્યર્થના.


**ટ્રસ્ટી મંડળ**
મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ

# શ્રી અરવિન્દ વિચારધારા અંતર્ગત પુસ્તિકાઓ

રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો (લે. માનસિંહ ચાવડા)

શ્રી અરવિન્દે શ્રી માતાજી વિષે જે ટૂંકા જવાબો શિષ્યોને પત્રો દ્વારા જણાવેલા તેની ઉપર આધારિત આ 'શ્રી અરવિન્દ વિચાર ધારા' અંતર્ગતની પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચુકી છે. (૮ થી ૨૩) શ્રી માતાજી વિષેની સાચી સમજણ કેળવવા તે પાયાભૂત બની રહેશે તેવી અમને ખાતરી છે. - તંત્રી

| ક્રમાંક | નામ | કિંમત |
|---|---|---|
| ૧. | શ્રી અરવિંદોપનિષદસાર | ૬૦-૦૦ |
| ૨ | અતિમનસ સાધના | ૫૦-૦૦ |
| ૩ | રાષ્ટ્રીય કેળવણી | ૫૦-૦૦ |
| ૪ | સુખી જીવનનાં સરળ ઉપાય | ૧૨૫-૦૦ |
| ૫ | યોગ દ્વારા નિરામય જીવન | ૨૦૦-૦૦ |
| ૬ | પૂર્ણયોગનો પરિચય | ૬૫-૦૦ |
| ૭ | માનવ વંશની ભાવિ ઉત્ક્રાંતિ | ૧૨૦-૦૦ |
| ૮ | શ્રી માતાજીનું સ્વરૂપ અને કાર્ય | ૧૦-૦૦ |
| ૯ | યોગસાધના | ૨૦-૦૦ |
| ૧૦ | શ્રી માતાજીની હાજરી | ૧૫-૦૦ |
| ૧૧ | શ્રી માતાજીની શક્તિ (યોગશક્તિ) | ૪૦-૦૦ |
| ૧૨ | શ્રી માતાજીના કાર્ય દ્વારા સાધના | ૧૫-૦૦ |
| ૧૩ | શ્રી માતાજીનો પ્રકાશ | ૧૫-૦૦ |
| ૧૪ | સાધકોને શ્રી માતાજીના યોગમય દર્શનો | ૩૦-૦૦ |
| ૧૫ | શ્રી માતાજીની મદદ | ૨૦-૦૦ |
| ૧૬ | શ્રી માતાજી અને સાધના | ૧૫-૦૦ |
| ૧૭ | શ્રી માતાજી : ગુરૂ અને માર્ગદર્શક તરીકે | ૧૫-૦૦ |
| ૧૮ | શ્રી માતાજીનું આશ્રમ નિર્માણનું કાર્ય | ૧૫-૦૦ |
| ૧૯ | શ્રી માતાજીનાં સંબંધો | ૨૦-૦૦ |
| ૨૦ | શ્રી માતાજી સાથે મુલાકાતો | ૨૦-૦૦ |
| ૨૧ | શ્રી માતાજીનું આશ્રમમાંનું જીવન | ૧૫-૦૦ |
| ૨૨ | શ્રી માતાજીનાં મુખ્ય ત્રણ ગ્રંથો | ૨૫-૦૦ |
| ૨૩ | શ્રી માતાજીની આશ્રમમાંની શિસ્ત | ૨૦-૦૦ |



# શ્રી અરવિંદ

The inner plans uncovered their crystal doors;
Strange powers and influences touched his life.
A vision came of higher realms than ours,
A consciousness of brighter fields and skies.
Of beings less circumscribed than brief-lived men,
And subtler bodies than these passing frames.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-28)

## અન્યગૂઢ અનુભવો

ચેતનાનાં આંતર-સ્તરોનાં, સ્ફટિક્સમ દ્વારો ખૂલતા ગયાં,
ગૂઢશક્તિના પ્રભાવો પણ, તેના જીવનને સ્પર્શતા,
આ જડજગતથી ઊર્ધ્વના, જગતોનાં દૃશ્યો ખડાં થતાં,
આ ક્ષણભંગુર દેહથી ચડિયાતાં સત્ત્વો પણ પ્રગટ થતાં,
તેમના દેહોને તે જોતો બંધનમુક્ત વિચરતા.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુરાશ્રમ : ગૃહસ્થાશ્રમ

(જીવન : ૨૬-૫૦ વર્ષ)

વંશવેલો ટકાવવા, સંસારી જીવન સ્વીકારવું,
કુટુંબ વત્સલ બની, સહુને પ્રેમથી બાંધવા.
વડીલ સેવા, બાળ ઉછેર બન્નેને સાધવા,
ધનાર્જન કરી, જરૂરિયાતો તેમની સંતોષવી.

ને પત્નીને પ્રેમથી, જીવનસાથી જાણવી,
સગાસંબંધીઓને, માનથી આવકારવાં,
સામાજિક - કર્તવ્યો બધાં, સહૃદયે પાળવાં,
સમાજના રીતિ-રિવાજો, નિષ્ઠાથી નિભાવવાં.

લોકસંગ્રહાર્થે આ બધું, એ હૃદયમાં જાણવું,
આત્મસ્થ બની, હૃદયમાં પ્રભુને ખોળવા.
અંતરાત્માના સૂચનો, જીવનમાં આણવા,
પ્રભુ સાથેની એકરૂપતા, મૌન બની માણવી.

ટિકા - ટિપ્પણી લોકો તણી, સ્મિત મુખે ટાળવી,
પણ તેના પ્રતિ ન રાગ-દ્વેષ, અખંડ અચલતા રાખવી.
યોગનિષ્ઠા કેળવી, જીવનને ઘાટ આપવો,
ગુપ્તયોગી બની સર્વદા, જન-સાગરે વિચરવું.

મુક્તાત્મા તણી શાંતિ ને, આનંદમાં મહાલવું,
પ્રભુનું કરણ બની, જીવન-સાફલ્ય જાણવું.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત